2011-02-15 -Patidar Bandhu (1390)





For Reference See Pages: 9, 19, 21.


realpatidar.com
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ-ઉત્તર ઝોન અને દક્ષિણ ઝોન
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ - સાબર રીજીયન
સમજે પાટીદાર
..તો વિકસે પાટીદાર
સમજે પાટીદાર
પાટીદાર બંધુ
સમાજનું સાચુ પ્રતિબિંબ
તંત્રી : બ્રિજેશ પટેલ
વર્ષ : ૧
અંક : ૧૦
સળંગ અંક : ૨૬
તારીખ : ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૧
સાબરકાંઠામાં સનાતનનો સુર્ય મધ્યાહ્નને


SBI
Shri Bhairav Industries
પારસકુમાર કે. નાયક
99132 94097
અમારા ઉત્કૃષ્ટ ઉત્પાદન :
ડેકોરેટીવ વીનીયર પેનલ ડોર્સ, મેમ્બ્રન ડોર્સ, લેમીનેટેડ ડોર્સ,
ટફવુડ ડોર્સ, સોલીડ વુડ કારવીંગ ડોર્સ,કીચન બેડરૂમ સેટ,
મોલ્ડીંગ રેલીંગ અને વુડન આર્ટીફીશીયલ વર્ક.
શ્રી ભૈરવ ઈન્ડસ્ટ્રીઝ
સિધ્ધપુર હાઈવે, ઈંગ્લીશ સ્કૂલ સામે,
મક્તુપુર, તા. ઉંઝા-૩૮૪૧૭૦

2011-02-15 -Patidar Bandhu (1390)



છૂટક કિંમત રૂા. ૧૭/-

પાટીદાર બંધુ

માસિક સમાચાર પત્ર

વર્ષ -૧ અંક - ૧૦ પેજ - ૪૦+૪ ટાઇટલ તારીખ : ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૧

:: તંત્રી ::
બિજેશકુમાર સી. પટેલ
:: ઉપતંત્રી ::
વિરેન્દ્રભાઈ હળપાણી
:: સહતંત્રી ::
જીગ્ના પટેલ
:: મુદ્રક, પ્રકાશક અને માલિક ::
બિજેશકુમાર સી. પટેલ
:: ચીફ બ્યુરો ::
અમદાવાદ
ભાવાણી જશવંતભાઈ શામજીભાઈ
૯૮૭૯૮ ૮૩૨૦૦
સત્યેન લીંબાણી - પેટલાદ
મો. ૯૮૯૮૩૮૧૪૧૬
:: કાર્યાલય તથા પ્રકાશન સ્થળ ::
'પાટીદાર બંધુ'
C/o. શ્રી ગણપતિ સો મીલ
વેરાઈ ચકલા, પાટણ. (ગુજરાત) ૩૮૪૨૬૫
:: મુદ્રણ સ્થળ ::
વિનોદ પ્રિન્ટરી,
C/o. મહાગુજરાત સાપ્તાહિક
ત્રણ દરવાંજા પાસે, પાટણ.
ફોન : ૨૩૦૧૧૧/૧૨
: સંપર્ક સેતુ :
બ્રિજેશ પટેલ : મો. ૯૮૯૮૦ ૮૬૮૩૦
વિરેન્દ્ર પટેલ : મો. ૯૮૯૮૫ ૭૫૭૬૭
ઓ. (૦૨૭૬૬) ૨૨૦૫૭૬
E-mail : patidarbandhu@gmail.com

અભયવાણી

* આ દુનિયામાં તમે આવ્યો છો તો કંઈક નામ રાખી જાઓ નહિતર તમારામાં અને પેલા ઝાડ કે પથ્થરમાં ફરક શો રહ્યો? એ પણ જન્મે છે, જીર્ણ થાય છે અને નાશ પામે છે.
* જગતના સર્વદેવો સમક્ષ તમે રડયા છો. તેથી દુઃખ દૂર થયું છે ખરું? છ કરોડ દેવો સમક્ષ ભારતના માનવો રોદણાં રડે છે અને છતાં કૂતરાને મોતે મરે છે. એ દેવો ક્યાં છે?... તમે સફળ થાઓ ત્યારે જ દેવો તમારી મદદમાં આવે છે. તો એથી લાભ શો?
* આપણે ઘણું રુદન કર્યું, હવે રડવું છોડી દઈ મર્દ બનો. મર્દ બનાવે એવા ધર્મની આપણને જરૂર છે. સર્વ રીતે મર્દ બનાવે એવી કેળવણીની આપણને જરૂર છે.
* આ દુનિયા કાયરો માટે નથી, તેમાંથી નાસવાનો પ્રયત્ન ન કરો. વિજય કે પરાજયની પરવા ન રાખો. વેડફી નાખવું ન પાલવશે.
* જો હૃદય અને મસ્તરમાં મતભેદ ઊભો થાય તો હૃદયને અનુસરો.
* તમે ગરીબ છો એવું ધારશો નહિ; ધન એ કંઈ ખરી શક્તિ નથી પણ સૌજન્ય અને પવિત્રતા એ જ ખરી શક્તિ છે.
* તમારા મિત્રોના અભિપ્રાય સાથે બાંધછોડ કરવા હંમેશા તત્પર રહેજો અને સર્વદા સમાધાનભર્યું વલણ દાખવવાનો પ્રયાસ કરજો. આમાં બધું આવી જાય છે.

- સ્વામી વિવેકાનંદ

દર માસની ૧૫ મી તારીખે પ્રસિધ્ધ થાય છે.

દ્વિવાર્ષિક રૂા. ૩૦૦/-
ત્રિવાર્ષિક રૂા. ૪૫૦/-

પંચવર્ષિય -૬૦૦
આજીવન - ૧૧૦૦

: માર્કેટીંગ એકઝીક્યુટીવ :
મહેન્દ્ર ડી. ભાવાણી
૮૧૪૧૭ ૨૭૫૦
: પોસ્ટીંગ વિભાગ :
જીગર ભાવાણી
૭૬૦૦ ૩૩૧૨૭૭

તંત્રી સ્થાનેથી...

કોણે તોડી સમાજ...?
અને કોણ તોડી રહ્યું છે સમાજ ને...?

સમાજમાં ચાલતા સતપંથ-સનાતન ધાર્મિક વિખવાદને સંદર્ભે સમાજમાં એક ચર્ચા ચાલી રહી છે. અમુક કહેવાતા બિનસાંપ્રાદાયિક લોકો કહે છે કે ''અમુક લોકો સમાજને તોડવા બેઠા છે.'' શું સાચે જ અમુક લોકો સમાજને તોડી રહ્યા છે. સમાજને કોણ તોડી રહ્યું છે? આજે આપણે આ પ્રશ્નો અંગે મનોમંથન કરીશું.

'પાટીદાર બંધુ'ના વિચારશીલ વાચકો આ તંત્રીલેખ અંગે ઉદાર મને ગંભીર ચિંતન કરે તેવી વિનંતી. હિંમતનગરમાં ગત ૩૦/૧/૧૧ના રોજ યોજાયેલ 'સમજે પાટીદાર...' કાર્યક્રમમાં એક વકતાએ મંચ ઉપરથી જણાવ્યું હતું કે ''આજે અમારા ઉપર સમાજ તોડવાના આરોપ લાગે છે. અમે તો માત્ર આદ્ય સુધારક નારાયણ રામજી લીંબાણી જેવાં વડિલો એ ચિંધેલ માર્ગે ચાલી રહ્યા છીએ. સૌ પ્રથમ વખત સમાજ કેસરામુખી પરમેશ્વરાએ તોડ્યો હતો. બીજ વખત નારાયણ બાપા એ તોડ્યો હતો. વગેરે વગેરે''

આ વકતાની આ વાતને વિચારવા જેવી છે. આજે આપણી જ્ઞાતિના મોટાભાગના યુવાનોએ (એટલે કે સનાતની યુવાનોને) સનાતક ધર્મ વારસામાં મળ્યો હોવાથી તેઓ પોતાની જ જ્ઞાતિના ભૂતકાળથી અજાણ છે. મારી ઉંમર ૨૭ વર્ષ છે પરંતુ જેઓ ૫૦-૫૫ વર્ષના મારા પિતાજીની ઉંમરના વડિલો છે તેઓ પણ આપણી જ્ઞાતિના વાસ્તવિક ઇતિહાસથી મહદઅંશે અજાણ છે. અથવા તો તેમણે આ અંગે કયારેય ગંભીરતાથી વિચાર્યું નથી.

સતપંથી મિત્રો પણ કબુલ કરે છે કે સતપંથના ભૂતપૂર્વ સતપંથાચાર્ય શ્રી કરસનદાસજી મહારાજે સતપંથના શાસ્ત્રોમાં ઘણા સુધારા વધારા કર્યા અને વધુને વધુ સનાતી ટચ આપવાનો સરાહનીય પ્રયત્ન કર્યો. પ્રશ્ન એ છેકે શા માટે સુધારા કરવા પડ્યા? સતપંથના ધર્મસ્થાનોના નામ પણ સમયાંતરે બદલાતા રહ્યા છે.

કેસરામુખી પરમેશ્વરના વખતનો સતપંથ સૈયદોના સંપૂર્ણ પ્રભાવવાળો સતપંથ હતો એ વખતે ઈમામ શાહ બાવા 'સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજ' તરીકે નહીં પરંતુ 'હજરત પીર ઈમામશાહ' તરીકે સતપંથીઓમાં લોકપ્રિય અને જાણીતા હતા. ૧૯૨૫ના એક દસ્તાવેજમાં પીરાણાના કાકા (ગાદીપતી) રામજી લખમણે ઈમામ શાહ બાવાને હજરત પીર ઈમામ શાહ તરીકે સંબોધ્યા છે. એ વખતે સ્વામી નારાયણ સંપ્રદાયના સંતોના સંપર્કમાં આવ્યા પછી કેસરા મુખીને હિન્દુઓના સાચા સનાતન ધર્મની ખબર પડી. કેસરામુખી સાંખલાએ તો અનેક વિરોધ વચ્ચે સતપંથ છોડ્યો, પરંતુ તેમણે તેમના જીવન કાળમાં અનેક યાતનાઓ, અપમાનો અને હડધુત સહન કરીને ૨૨૦૦ થી ૨૫૦૦ સતપંથીઓને આજથી ૨૨૭ વર્ષ પહેલા મુળ હિન્દુ

ધર્મમાં (સ્વામી નારાયણ સંપ્રદાયમાં) પરિવર્તીત કર્યા. આ હતા સતપંથના ભાગલા. આમ કેસરામુખીએ સૌ પ્રથમ વખત સમાજ તોડવાનું પુણ્ય કર્યું.

કેસરા પરમેશ્વરના દેહાંત પછી આ ચળવળ લગભગ સમામ જેવી થઇ હતી. પરંતુ કેસરા મુખીનો શુભ સંકલ્પ જરૂર કામ કરતો હશે. તેમના શુભ સંકલ્પને પ્રતાપે તેમના ૧૦૦ વર્ષ પછી તેમના જેવી જ વિચારસરણી ધરાવતા નારાયણ રામજી લીંબાણીનું અવતરણ થયું. નારાયણ બાપા એ પીરાણાના બનાવટી ગ્રંથોનો અભ્યાસ કર્યો અને હિન્દુ શાસ્ત્રોનો પણ અભ્યાસ કર્યો અને લોકોને જાગૃત કરવા માટે 'પીરાણા સતપંથની પોલ' નામે એક ગ્રંથ તૈયાર કર્યો. આ ગ્રંથે જ્ઞાતિમાં જબરજસ્ત જુવાળ ઊભો કર્યો. નારાયણ બાપા અને તેમના સાથીદારોએ હજારો નહીં પરંતુ લાખો કચ્છી કડવા પાટીદારોને મુળ સનાતન વૈદિક ધર્મમાં પાછા વાળ્યા. આ હતા સમાજના બીજી વખતના ભાગલા. અહીં બંને વખત જે ભાગલા પડ્યા. તે સતપંથમાં પડ્યા. નારાયણ બાપા અને વાલદાસજીના પ્રયાસોના કારણે સતપંથ સમાજ લઘુમતીમાં આવી ગયો. લગભગ ૭૦ ટકા લોકો એ વખતે પણ સતપંથ છોડી મૂળ સનાતન વૈદીક ધર્મને અપનાવી ચૂક્યા હતા.

ઇ.સ. ૧૯૨૬માં કચ્છી કડવા પાટીદાર સનાતન સમાજ મોજુદ હતો. આ સતપંથમાંથી અલગ થયેલો સમાજ હતો. એ વખતે આપણા સમાજમાં બે સમાજ હતા. એક સતપંથ સમાજ અને બીજો સનાતન સમાજ. સમયાંતરે સમાજની એકતા માટે અખિલ ભારતીય કચ્છી કડવા પાટીદાર એટલે કે કેન્દ્રીય સમાજની રચના કરવામાં આવી. કહેવાય છે કે સનાતન સમાજે સમાજની એકતા અને અખંડીતતા માટે કેન્દ્રીય સમાજમાં વિલીન થવાનું નક્કી કર્યું. આમ સનાતન સમાજે પોતાના નામ આગળથી સનાતન શબ્દ કાઢી નાંખ્યો. પરંતુ સતપંથ સમાજ કેન્દ્રીય સમાજની સમાંતર અસ્તિત્વ ધરાવીને ઊભો જ રહ્યો. આજે પણ કચ્છી કડવા પાટીદારોના બે સમાજ છે. અખિલ ભારતીય કચ્છી કડવા પાટીદાર સમાજ અને બીજો અખિલ ભારતીય કચ્છી કડવા પાટીદાર સતપંથ સમાજ.

'મારુ મારા બાપનું અને તારામાં મારો ભાગ' એવી સતપંથની નીતી હતી. તેઓ પોતાનું નામ-ઠામ સલામત રાખીને સનાતનીઓ ભેગા ભળવા લાગ્યા. પણ ૧૦૦ ટકા ભળી શક્યા નહીં. પરંતુ સનાતનીઓ ઉદાર મને ચલાવતા રહ્યા. આશા હતી બધુ બરાબર થઇ જશે. પણ કેન્દ્રીય સમાજમાં સતપંથીઓને ભેળવ્યા પછી કેન્દ્રીય સમાજની સભામાં 'લક્ષ્મીનારાયણ ભગવાનની જય' અને 'સનાતન ધર્મની જય' બોલી શકાતી નથી. ગત એપ્રિલ ૨૦૧૦માં નખત્રાણામાં યોજાયેલ સ્વર્ણીમ મહોત્સવમાં પધારેલા સનાતની જ્ઞાતિજનો ખૂબ જ ઉત્સાહપૂર્વક અને વારંવાર સનાતન ધર્મની અને લક્ષ્મીનારાયણ ભગવાનની જય બોલાવતા હતા. એ વખતે મને આવા વલણથી આશ્ચર્ય થયું હતું. પરંતુ હવે તેનું કારણ સમજાય છે. ભગવાન વિષ્ણુના દસ અવતારોની ઉપાસના કરવાનો દાવો કરતા ધર્મના લોકો દસ અવતારોના મુળ એવા લક્ષ્મી નારાયણ ભગવાનનો શું વાંધો હોઇ શકે? દસ અવતારો ઇમામ શાહ બાવાની નહીં પરંતુ મહર્ષિ ભગવાન વેદ વ્યાસની દેન છે. કલ્કી અવતારની ભવિષ્યવાણી પીર ઇમામ શાહ બાવાના ૫૦૦૦ વર્ષ પહેલા મહર્ષિ વેદ વ્યાસે ૧૮માં પુરાણ શ્રીમદ્ ભાગવદ્માં કરી હતી. જે ખરેખર વેદ વ્યાસજીએ રચેલા પુરાણને અને હિન્દુ

ૠષીમુનિઓએ લખેલા મુળ શાસ્ત્રોને માને છે. તે જ સાચા સનાતન ધર્મી કહેવાય. દસ અવતારોની પૂજા ઉપાસના પુરાણો અને વેદો આધારીત થવી જોઈએ અને દસ અવતારોના ઉપાસક હોવાનો દાવો કરતા ધર્મ (કે સંપ્રદાયે) 'સનાતન ધર્મની જય' સામે વાંધો ના ઉઠાવવો જોઈએ.

કેન્દ્રીય સમાજના પ્રમુખે જાહેર મંચ ઉપર સ્પષ્ટ કરી દીધું છે કે 'કેન્દ્રીય સમાજ એટલે કે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સનાતન સમાજ જ છે. આજે જે લોકો ને 'સમાજ તોડનારા' કહેવામાં આવે છે તે લોકો ખરેખર સમાજ તોડનાર છે કે જોડનારા છે એ તો હવે વાચકોએ અને જ્ઞાતિજનોએ નક્કી કરવાનું છે.

ભારત દેશને કટ્ટરવાદથી જેટલું નુકશાન નથી થયું તેટલું કહેવાતી બિનસંપ્રદાયિકતાથી થયું છે. આજ બિનસંપ્રદાયિકતાના ચોથા હેઠળ દેશમાં ભરપૂર ઈસાઈ ધર્માંતરણ થઈ રહ્યું છે. આજ બિનસંપ્રદાયિકતાના ઓથા હેઠળ આતંકવાદીઓ અને પાદરીઓના પાપને પંપાળવામાં આવે છે. આજે બિનસંપ્રદાયિકતાના કારણે જ ભારતના વધુ પાંચ ભાગલા થઈ શકે છે. બિનસંપ્રદાયિક સમાજ એટલે નપુંસક સમાજ. શું આપણે સમાજને નપુંસક બનાવવા માંગીએ છીએ? 'વિજ્ઞાનના યુગમાં ધર્મની શું જરૂર છે?' એવું કહેનારાઓને ખબર જ નથી કે જીવનનું સાચું વિજ્ઞાન ધર્મમાં રહેલું છે. (અહીં ધર્મ એટલે સનાતન ધર્મ)

સતપંથ કેન્દ્રીય સમાજમાં વિલીન ના થયો એટલે કેન્દ્રીય સમાજમાં વિલીન થઈ ગયેલ સનાતન સમાજ ફરી પાછો કેન્દ્રીય સમાજમાંથી બહાર નીકળી રહ્યો છે. કલ્પના કરી જુઓ કેન્દ્રીય સમાજમાંથી સનાતનીઓ નિકળી જાય તો કેન્દ્રીય સમાજમાં શું શેષ રહે? કશું જ ના રહે. આથી કેન્દ્રીય પ્રમુખને કહેવું પડ્યું છે કે 'અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સનાતન સમાજ છે.'

પાટીદાર બંધુ સ્પષ્ટ માને છે કે સતપંથ અને સનાતનીઓ એક જ કુળના ભાઈઓ છે. આથી ગમે તે ભોગે બંને પક્ષોએ એક થવું જ પડશે. ડાળખાને પકડવા કરતા મુળને પકડવાની જરૂર છે. અને ધર્મનું મૂળ તો સનાતન ધર્મ જ છે. આ લેખથી કોઈની લાગણી દુભાઈ હોય તો ક્ષમા કરશો. કોઈની લાગણી ના દુભાય તેનું ધ્યાન રાખીને સત્ય સમજાવાનો પ્રયત્ન કર્યો છે. અને સત્ય વાતથી કોઈની લાગણી દુભાવી પણ ના જોઈએ. સત્ય કડવું હોય પણ સ્વીકારવું જ જોઈએ. દવા પણ કડવી હોય છે. અંતે એટલું જ કહેવું છે કે સનાતન ધર્મના વિરોધીઓ અને કહેવાતા બિનસાંપ્રાદિયક તત્વો જ સમાજને તોડનારા છે. અસ્તુ

લિ. તંત્રી

બ્રિજેશ સી. પટેલ

જો આપને 'પાટીદાર બંધુ'નો અંક નિયમીત ન મળતો હોય તો,
'પાટીદાર બંધુ'ના પોસ્ટીંગ વિભાગને જાણ કરો...

જીગર – ૭૬૦૦ ૩૩૧૨૭૭

કચ્છ છોડ્યુ કચ્છી ભૂલ્યા, ગુજરાત છોડ્યું ગુજરાતીના ભૂલતા...

(અહીં તમામ પાત્રો અને સંવાદ કાલ્પનિક છે. પરંતુ સાર ગર્ભિત અને સત્યની આસપાસ છે) લેખક : બ્રિજેશ ભાવાણી

કેહરાબાપાની ર્‌યાણ...

કેહરાબાપા : રામસદ હંધાય ને!

બધા : રામસદ્દ બાપાને!

કેહરાબાપા : શે ની ચર્ચા હાલેરી?

શવજીબાપા : આ ત અમે વિચારી રયાં હઈ.

કેહરાબાપા : શું વિચારો રયાં?

શવજીબાપા : એકતા વિશે.

કેહરાબાપા : કાં એક્તાનું હગપાણ કરવાનું હે?

શવજીબાપા : મારી પોતરી એકતાની વાત નથી કરતો. હું તો સમાજની એકતાની વાત કરૂરો.

કેહરાબાપા : હં હં મને એક થ્યું કે તમારી પોતરી એકતાની વાત કરતા હશો. ઈએ હવે પેણવા જેવડી થઈ ગી હે કાં?



શવજીબાપા : હોવે બાપા, પણ સમાજની એકતા હાટુ જરૂરી શું હે?

કહેરાબાપા : સમાજની એકતાનું મુખ્ય કારણ હે સમાજની સંસ્કૃતિ, સમાજની રીવાજો અને ભાષા.

શવજીબાપા : ભાષાને અને એકતાને શું લાગે વળગે?

કેહરા બાપા : અરે ભાઈ ભાષા તો એકતાનું મૂળ હે. આજે આપણે બધા એકબીજા સાથે વિચારોની આપ-લે ભાષા થકી તો કરી હકીરાં. જો હમણાં તમને ગુજરાતી આવડતી જ ના હોય તો આપણે ર્‌યાણ કેવી રીતે કરી હકીશું?

કોઈ પણ રાષ્ટ્ર, રાજ્ય કે સમાજની એકતા માટે તેની માતૃભાષા મહત્ત્વપૂર્ણ હે.

શવજીબાપા : આ ત તમે બહુ હખર વાત કરી.

લાલુમાં : હાચી વાત હે બાપાની. આ ત હારૂ હે કે ગુજરાતની બાર (બહાર) રેનારાને હજીય ગુજરાતી બોલતા આવડેરૂ. નીતર આપડે એના કને વાત કરી હકી.

પૂરીમાં : હોવે અંધાર પરદેશ (આંધ્ર પ્રદેશ)માંથી મારા દોહીત્રા આવે તે કંઈક કંઈક માંય માંય પટ્ટ પટ્ટ પટ્ટ કરતા હોય તો જધ્ધુ આપને જરાય ખબરે ના પડે.

લાલુમાં : હિન્દી બોલે તો કાંક એ હમજાય પણ દખ્ખણમાં રેતાલોકોની ભાષામાં આપને શકોરા ના 'શ'ની ખબર ના પડે.

કેહરાબાપા : હવે તમે જ કો, જો આપણી પાસે આપણા વિચારો રજૂ કરવાનું સશક્ત માધ્યમની હોય તો આપણી વચ્ચે એક મોટી તિરાડ પડી જશે. હમણા ત ભલે આ મુદ્દો સામાન્ય લાગેરો પણ આગળ જતા અના ભયંકર પરિણામો સામે આવશે તંઈ ખબર પડશે.

શવજીબાપા : પણ બાપા આપણે બધા કચ્છી પટેલો ને ગુજરાતી આવડે જ રી ને.

કેહરાબાવા : તુ ભુલોરો શવજી. મેં ઘણાબધા એવા લોકો જોયા હે જે વરસોથી ગુજરાતની બાર (બહાર) રેરા એટલે એનુ ગુજરાતી કાચું થઈ ગ્યું હે. મેં એવા લોકોમે જોયા હે જેને હવે ગુજરાતી બોલતા નથી ફાવતુ એટલે એ હિન્દીમાં જ વાત કરેરા.

રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર ભારતમાં રે તા કેટલાક લોકો હીજરાતી (હિન્દી + ગુજરાતી) બોલતા હોયરાં.

અબજીબાપા : હિજરાતી બોલે ત્યાં હુંધી ત કાંઇ વાંધોની પણ ઓલ્યા દખ્ખણ વાળા કયાંક ગુલુગુ (ગુજરાતી+ તેલુગુ) ગુન્નડ (ગુજરાતી+કન્નડ) કે ગુમીલ (ગુજરાતી+તમીલ) બોલતા થઇ જશે તો કાંય હમજાણ ની પડે.

શવજીબાપા : ગુજરાત બાર રેતી આપણી નવી યુવા પેઢીને હજી ગુજરાતી બોલતાત અવડેરૂ પણ ગુજરાતી વાંચતા નથી આવડતું.

કેહરાબાપા : ગુજરાત બહાર રેતા લોકોને ગુજરાતી વાંચતા લખતા ના આવડે ઈ ત કાક હમજી હકાય પણ ગુજરાતમાં જ રેતા અને ગુજરાંતમાં જ અંગ્રેજી માધ્યમમાં ભાણતા છોકરાઓને આજે ગુજરાતી વાંચવામાં અને લખવામાં તકલીફમાં પડેરી ઈ બહુ ખોટી વાત કેવાય.

અબજીબાપા : ઈ બધુ છોરાની માઉં ને કારણે થાય રૂ. છોરાની માઊંને બહુ ઢઢો હોય રો અંગરેજીમાં ભાણાવવાનો.

લાલુમાં : આજકાલની વહુઓ એકબીજાની દેખાદેખીમાં પોતાના છોરાઓને અંગરેજીમાં ભાણાવેરયું. 'ફલાણીનો છોરો અંગરેજીમાં ભાણે એટલે આપણો છોરો પણ અંગરેજીમાં ભાણવો ખપે.', એવા આજકાલની માંઊના વિચારો થઇ ગ્યા હે.

શવજીબાપા : પછી બિંચારા છોરા હમોળા એ હુન્ના થઇ રરો. ખરેખર તો છોરાને પારથમિક (પ્રાથમિક) શિક્ષણ માતૃભાષામાં જ દેવું ખપે. પણ આજકાલના મા-બાપ એવું વિચારે રાં કે છોરા ને નાનપાણથી અંગરેજી આવડતુ હશે તો આગળ જશે.

કેહરાબાપા : હજારો વર્ષોની ગુલામી કરીને આપણું માનસજ એવું થઇ ગ્યું હે. દુનિયાની પાછળ પાછળ હાલવાનું. આપણામાં એવી શકિત હોવી જોઇએ કે આપણે દુનિયાને આપાણી પાછળ હલાવી હકી. દુનિયાને હિન્દી-ગુજરાતી શિખવાની ફરજ પડે એવા આપાણે પ્રયત્નો કરવા ખપે. આજે ચીનાઓ અને જાપાનીઓ ને જુઓ. તેઓ તેમની ભાષામાં જ વાત કરવાનો અને વ્યવહાર કરવાનો આગ્રહ રાખશે. તેમની દરેક આઇટમમાં તેમની ચીની અને જાપાની ભાષા હશે. તેઓને તેમની ભાષા બોલવામાં કોઇ શરમ નથી આવતી.

પુરીમાં : આજકાલના ભાણેલા ગણેલા ને ત કચ્છી હોવું પાણ નથી ગમતું. ક્બુડા હે, ક્બુડાની જેમ ના કરાય, ક્બુડાની જેમ શું બોલોરા વગેરે વગેરે બોલે પડ્યા.

કહેરાબાપા : સિંધી સમાજને ઈ વાતમાં ખરેખર શાબાસી દેવી પડે. બે સિંધી ભેગા થાય તો ઈ સિંધી ભાષામાં જ વાત કરશે. ઈ ગુજરાતીની બોલે. એની નવી પેઢી પણ સિંધી ભાષામાં વાત કરવાની હિમાયતી હે. પણ આપણે જ બહુ સુધરેલા બનવા જઈરાં.

અબજીબાપા : ભારતનાં ભુતપુરવ વડાપ્રધાન અને વાયુ બોમ બનાવનાર મહમદ કમાલ પણ તેની માતરૂભાષામાં જ ભણ્યા હતા.

કેહરાબાપા : મહમદ કમાલ નઈ અબ્દુલ ક્લામ. અને એ આપાણા વડાપ્રધાન નહોતા પણ રાષ્ટ્રપતિ હતા. એને દેશ માટે વાયુબોમ ની, પાણ આણુ બોમ બનાવ્યો છે.

અબજીબાપા : હાઁ હઁ હવે ઈજ આ તમે હમજી ગ્યા એટલે ગાણું. અબ્દુલ ક્લામનું ન એટલે હુંધી કેવું હે કે "જો મે મારું પારથમીક શિક્ષાણ મારી માતૃભાષામાં ના લીધુ હોત તો આજે હું વૈજ્ઞનાનીક ના બની હક્યો હોત."

કેહરાબાપા : જોયુ, આવડુ બધુ મહત્ત્વ હે માતરૂ ભાષાનું. તઈ તમે શું વિચારો રા?


અબજીબાપા : જો આપાણા બધાની ભાષા એક નહી હોય તો આપણે સાંસકરૂતિક (સાંસ્કૃતિક) સમનવય કેવી રીતે હાંધી હકીશુ?

કેહરાબાપા : માટે જ ઉતર, દખ્ખાણ અને ઉગમાણા આથમાણા જ્યાં પાણ રેતા હોય ઈ બધા કચ્છી માડુઓને એક જ વાતા કેવી હે, "કચ્છ છોડ્યું કચ્છી ભૂલ્યા પાણ ગુજરાત છોડી ગુજરાતી ના ભુલતા." અમારા જેવા ઘેઢા બુઢાની આટલી શિખામાણ જરૂર માનજો. ગુજરાત બહાર ભલે રો પાણ ગુજરાતને કચ્છને પોતાનું ઘર માનવાનું ન ભૂલતા. કારાણ કે આપાણું કચ્છીપાણુ અને ગુજરાતીપણું જ આપાણને એક રાખી હકશે. ભલે તંઇ અમારી પંચાત તમને ગમતી હોય તો વિચાર કરજો. હારૂ લાગે તો સૌને કે જો ના ગમે તો અમને કે જો. ભલે તંઇ જય માતાજી... જય ગુજરાતી...

સાબરકાંઠામાં "સમજે પાટીદાર...તો વિકસે પાટીદાર" કાર્યક્રમ દ્વારા

સનાતની ચળવળ ચરમ સીમાએ...

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સનાતન સમાજ જ છે : કેન્દ્રીય પ્રમુખ રામજી બાપા




સનાતનની આ ચળવળની બે વર્ષ પહેલા જ્યાંથી શરૂઆત થઈ હતી તે સાબરકાંઠા જિલ્લામાં ધનસુરા પછી હિંમતનગર શહેરમાં ગત તા. ૩૦-૧-૨૦૧૧ના રોજ હિંમતનગરમાં ઉદેપુર હાઈવે ઉપર આવેલ મોડસીયા કચ્છ કડવા પાટીદાર સમાજની વાડીમાં કચ્છ કડવા પાટીદાર સમાજ ઉત્તર સાબરકાંઠા ઝોન/દક્ષિણ સાબરકાંઠા ઝોન અને યુવા સંઘના સાબર રીજીયન દ્વારા "સમજે પાટીદાર...તો વિકસે પાટીદાર" નામે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સાબરકાંઠાની વિવિધ સમાજો, યુવા મંડળો અને મહિલા મંડળો વિશાળ સંખ્યામાં

સંત સમિતિ અને અવિચલદાસજીના કૃત્યને વખોડવામાં આવ્યું

ઉમટી પડ્યા હતા. લગભગ ૬૦૦૦ થી ૭૦૦૦ જેટલા લોકો વકતાઓને સાંભળવા અને સનાતની ક્રાંતિના સાક્ષી બનવા હાજર રહ્યા હતા.

આ સભાની શરૂઆત સવારે ૯-૩૦ વાગે થઈ હતી. યુવા સંઘના શિક્ષણ સમિતિના કન્વીનર શ્રી વસંતભાઈ ધોળુ અને તેમની વિદ્યાર્થિની કુ. ભાવિકા એ નવી જ સ્ટાઈલમાં આમંત્રીત મહાનવુભાવો અને વકતાઓનું મંચ ઉપર સ્વાગત કર્યું હતું. નાટ્યાત્મક શૈલીમાં મંચ ઉપર સ્થાન આપતી વખતે મહાનુભાવોનો અપાતો પરિચય શ્રોતાઓ માટે રસપ્રદ બન્યો હતો. શ્રી વસંતભાઈ એ અને ભૂમિકાએ પોતાની આગવી

શૈલીમાં મુખ્યત્વે આ મહાનુભાવોને મંચ ઉપર સ્થાન આપ્યું હતું. (૧) રામજીભાઈ નાકરાણી (કેન્દ્ર સમાજ પ્રમુખ) (૨) ગૌરાંગ ધનાણી (કેન્દ્રીય યુવા સંઘ પ્રમુખ) (૩) મણીભાઈ પટેલ (ઊંઝા) (૪) રમેશભાઈ વાઘડીયા (સી.એ., બેંગ્લોર) (૫) શિવદાસ બાપા (સાબરકાંઠાના અગ્રણી



રમેશભાઈ વાઘડીયા

સમાજ કાર્યકર્તા) (૬) પ્રેમજીભાઈ કેસરાણી (યુવા સંઘના પૂર્વ પ્રમુખ), (૭) નર્મદાબેન સેંગાણી (કન્વીનર યુવતિ સેલ, યુવાસંઘ), (૮) જયંતીભાઈ રામાણી (યુવાસંઘની આધ્યાત્મિક સમિતિના ચેરમેન) (૯) મનસુખભાઈ પટેલ (ઉપપ્રમુખ કેન્દ્રીય સમાજ), ઈશ્વરભાઈ પટેલ, સીતારામ પટેલ (ઊંઝા મંદિર, ટ્રસ્ટી) અમૃતભાઈ રામાણી, હિંમતભાઈ ખેતાણી (પ્રખર સનાતની), કેશવલાલ શેઠ (પ્રમુખ, ઊમિયા મંદિર, ઊંઝા), આર.એલ. પટેલ (પ્રોફેસર), સૌરભ રામાણી (સાબર રીજીયન, પ્રમુખ), રસીકભાઈ પટેલ (બીજેપી કોર્પોરેટર, હિંમતનગર), રમેશભાઈ ગોરાણી (બેંગ્લોર) અને આ ઉપરાંત પણ અનેક અગ્રણીઓ મંચ ઉપર બિરાજમાન હતા.

સૌ પ્રથમ દિપ પ્રાગટ્ય કરી સભાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ સમાજની નાની બાળકીઓ દ્વારા સુંદર સ્વાગતગીત રજૂ કરવામાં આવ્યું હતું. અમૃતભાઈ (મંત્રી) એ શબ્દોથી સ્વાગત પ્રવચન કર્યું હતું.

ઉદ્‌ઘાટકશ્રી ડૉ. અમૃતભાઈ મેઘજીભાઈ ધોળુએ શ્રધ્ધા અને અંધશ્રધ્ધા ઉપર માર્મિક ટકોર કરતા જણાવ્યું હતું કે, ‘‘શ્રધ્ધા જીવનનું લક્ષ્ય સિધ્ધ કરવા માટે મદદરૂપ થાય છે. અંધશ્રધ્ધા માનવ જીવનમાં પ્રભુત્વ જમાવે છે તો નુકશાન પહોંચાડે છે.’’


હિંમત ખેતાણી


પ્રેમજી કેસરાણી

ત્યાર બાદ સભાને સંબોધવા આવેલ યુવા સંઘના પૂર્વ પ્રમુખ પ્રેમજી કેસરાણી એ જ્ઞાતિનો ધાર્મિક ઈતિહાસ જણાવતા જણાવ્યું હતું કે, ‘‘નિષ્કલંકી ધામ, નખત્રાણામાં ૭૦૦ વર્ષના ઈસ્લામી ગુલામીના પ્રતીકની આજના સંતો એ મહિમા ગાઈ ત્યારે મને દુઃખ થયું હતું. જે ઔરંગઝેબે પીરાણાની જમીન આપી છે તેજ ઔરંગઝેબે હજારો હિન્દુ મંદિરો ધ્વંસ્ત કર્યા હતા. શું સાધુ સંતોને આ ખબર નથી? ક્યાં તો શ્રીકૃષ્ણની ભગવદ્ ગીતા અને ક્યાં તો મોમિન ગીતા? આ સતપંથે આપણને કુર્મીય ક્ષત્રીયમાંથી મુમના બનાવ્યા. ૩૦૦-૪૦૦ વર્ષ સુધી આપણી સૈયદોના ગુલામ રહ્યા.’’ આ ઉપરાંત સતપંથ ઉપર સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે, ‘‘૪૦ વર્ષ પહેલા ખાનુ, પછી જગ્યુ પછી જ્યોતી મંદિર, પછી જ્યોતી ધામ,


પછી નિષ્કલંકી ધામ અને હવે સતપંથ. શા માટે સતપંથને પોતાના ધર્મ સ્થાનોના નામ બદલવા પડે છે?''

આ ઉપરાંત પ્રેમજીભાઈ એ ખુલાસો કર્યો હતો કે ''પરમ પૂજ્ય વાલદાસજી મહારાજે ક્યારેય પીરાણા સતપંથને સમર્થન આપ્યું નથી. આ અંગે વાલદાસજી મહારાજે એક વખત કચ્છ મિત્ર દૈનિકમાં ખુલાસો આપતા જણાવ્યું હતું કે, ''કોઈપણ લીબાશમાં આ સતપંથ હોય પરંતુ સતપંથને હિન્દુ ધર્મ સાથે કોઈ લેવા દેવા નથી.'' આ ઉપરાંત પ્રેમજી કેસરાણી એ આ વિવાદમાં બંને પક્ષે પગ રાખતા ખુશામતખોરોને માંકડ અને ચાંચડ સાથે સરખાવી લોહી પીનાર ગણાવ્યા હતા.''

યુવતિ સેલના કન્વીનર શ્રીમતી નર્મદાબેન સેંગાણીએ જણાવ્યું હતું કે, ''સ્ત્રીઓ એ જ નારાયણ રામજી લીંબાણી અને કેસરા પરમેશ્વરા પેદા કરવાના છે. આપણે સૌ એ ભેગા મળીને એક સનાતન સમાજ બનાવવાનો છે.''

ત્યાર બાદ માઈક ઉપર સનાતન-સતપંથ વિવાદમાં મુખ્યપાત્ર ભજવનાર અને આ વિવાદ થકી દેશભરના પાટીદાર સમાજોમાં નામના મેળવનાર બેંગ્લોરના ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી રમેશ વાઘડીયા આવ્યા હતા.

શ્રી રમેશભાઈ એ પોતાના ભાષણમાં સંત સમિતિના અધ્યક્ષ શ્રી અવિચલદાસજીને આડે હાથે લીધા હતા. અવિચલદાસજીને ચેલેન્જ ફેંકતા જણાવ્યું હતું કે, ''અવિચલદાસજી સાબિત કરી આપે કે સતપંથ હિન્દુ સંપ્રદાય છે.



કેન્દ્રીય પ્રમુખ, રામજીબાપા

તમારા જેવા સંતોને સર્ટીફિકેટ આપવા પડે છે તેજ બતાવી આપે છે દાળમાં કંઈક કાળુ છે.'' આગળ તેમણે જણાવ્યું હતું કે, આ સતપંથને કારણે આપણી જ્ઞાતિ દારૂણ ગરીબીમાં પીસાઈ અને અશિક્ષિત રહી. બાવા ઈમામ શાહને જેઓ ધર્મગુરૂ માનતા હોય તેમની સાથે અમે કેમ રહીયે? પહેલા બ્રાહ્મણો આપણા ઘરે આવતા પણ ખાતા નહીં. દુકાનેથી જ 'સીધુ' સીધુ ઘરે જ પહોંચાડવાનું કહેતા. રતનશી ખીમજી ખેતાણીએ ૧૪૫ ગામમાં લક્ષ્મીનારાયણ મંદિર બનાવ્યા. ૧૯૪૦માં આ સમાજના બીજ રોપાયા હતા. લક્ષ્મી નારાયણ ભગવાનની સ્થાપના પછી આ સમાજે ખૂબ જ પ્રગતિ કરી છે અને આમ કર્યા પછી જ આપણને હિન્દુ સમાજોમાં ગૌરવભેર સ્થાન પ્રાપ્ત થયું છે.

રમેશભાઈએ કેન્દ્રીય સમાજના પ્રમુખ રામજી બાપાને ટકોર કરતા જણાવ્યું હતું કે, ''સતપંથીઓ ભલે કેસ કરે તમારે ગભરાવવાની જરૂર નથી. અમે તમારી સાથે છીએ. ૧૨ મહિના પહેલા આપણે સમાજની સભામાં લક્ષ્મીનારાયણ ભગવાન કે સનાતન ધર્મની જય નહોતા બોલાવી શકતા. આ સમાજની સ્થાપના સતપંથ મતને લાત મારીને કરવામાં આવી છે. સમાધાન સમકક્ષ સામે હોય. આ પરિસ્થિતિથી ક્યારેક હસવું આવે છે તો ક્યારેક રડવું પણ આવે છે. સમાજના મકાનમાં સનાતની ઝંડો નહીં ફરકાવું ત્યાં સુધીજપ કરીને નહીં બેસું.''

આ ઉપરાંત તેમણે પ્રમુખને જણાવ્યુ હતું કે જો સતપંથીઓ નીચે મુજબના નિયમો પાળે તો જ તેઓને સમાજમાં ભેળવવા જોઈએ.

(૧) ભેગા થઈને આવે (પીરાણાનો સદંતર ત્યાગ કરીને). (૨) દશોંદનો હિસાબ આપે. (૩) નિષ્કલંકીધામનું કેન્દ્રીય સમાજમાં વિલીનીકરણ કરવું. (૪) બધા જ ખાનાઓની મિલ્કત સ્થાનિક સમાજમાં વિલીનીકરણ કરે. (૫) ઈમામ શાહ કે નિષ્કલંકીનો ફોટો હટાવી દે તો.

ત્યાર બાદ સનાતન ક્રાંતિમાં આદ્ય સુધારક નારાયણ રામજી લીંબાણીની જેમ જ સક્રિય ભૂમિકા ભજવનાર અગ્રાણી રતનશી ખીમજી ખેતાણીના પુત્ર હિંમતભાઈ ખેતાણીએ સમાજની વ્યાખ્યા આપતા જણાવ્યું હતું કે "સમાજ તેને જ કહેવાય જે એક જ પ્રકારના આચાર-વિચાર ધરાવતો હોય, એક જ પ્રકારનો ધર્મ કે રીત રીવાજ પાળતો હોય. સતપંથના ભાઈઓ સતપંથને ધર્મ કહે છે. તેઓ સાચા છે. કારણ કે તેઓ હિન્દુ નથી અને મુસ્લિમ પણ નથી. 'સતપંથ હિન્દુ ધર્મ છે' એવો દાવો પાયા વિહોણો છે."

હિંમતભાઈ એ આગળ જણાવ્યું હતું કે, "હિન્દુ બન્યા વગર હિન્દુ ધર્મમાં નવો ફાંટો કેવી રીતે પાડી શકાય? શું ઈમામ શાહ બાવા હિન્દુ બન્યા હતા?" એમ

મંજૂર થયેલ ઠરાવો :

ઠરાવ : ૧ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, ઉત્તર અને દક્ષિણ સાબરકાંઠા ઝોન, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ, સાબર રીજીયનના સભ્યો સનાતન વૈદિક હિન્દુ ધર્મને માનતા અને પાળતા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના વંશજો જ રહી શકશે યા બની શકશે.

ઠરાવ : ૨ આ સમાજ ઝોનોના તમામ સભ્ય પરિવારોના બાહ્ય આચરણો જન્મથી મરોત્તર સુધી શુધ્ધ વૈદિક સનાતન હિન્દુ તરીકેના હોવા જોઈએ અને પાળવાના રહેશે. તેમ ન કરનાર વ્યક્તિના આ સમાજ ઝોના સભ્ય રહી શકશે નહીં.

ઠરાવ : ૩ આ સમાજ ઝોનોના તમામ સભ્ય પરિવારોએ પીરાણા સતપંથ ધર્મમાં કરવામાં આવતી મરતોત્તર દફન ક્રિયાઓમાં ભાગ લેવો નહિ, તેમજ તેને લગતી કોઈપણ ધાર્મિક ક્રિયાકર્મમાં ભાગ લેવો નહિ તેમજ તેમના જમણમાં હાજરી આપવી નહિ અને આવા કાર્યોનો સદંતર બહિષ્કાર કરવો.

ઠરાવ : ૪ આ સમાજ ઝોનોની કોઈપણ વ્યક્તિ પીરાણા સતપંથ ધર્મની સમાજોના ધાર્મિક ઉત્સવો તેમજ ધાર્મિક સભાઓમાં ભાગ લેવો નહિ તથા તે અંગેના જમણવારના આમંત્રણનો સ્વીકાર કરવો નહિ, આપણી સમાજના ધાર્મિક હિન્દુ ઉત્સવો જેવા કે રામનવમી, જન્માષ્ટમી, નવરાત્રી, ધાર્મિક સતસંગ, ધાર્મિક પ્રતિષ્ઠા મહોત્સવ કે તેને લગતા સમૂહ ભોજના કાર્યક્રમોમાં પીરાણા સતપંથને માનતી કે અનુસરતી વ્યક્તિ યા પરિવાર તેમજ વ્યક્તિ સમૂહને કોઈપણ પ્રકારનું આમંત્રણ આપવું નહિ.

ઠરાવ : ૫ (ક) આ સમાજ ઝોનોના કોઈ પણ સભ્યે તેમજ તેમના પરિવારે આજ દિવસ પછી દિકરા-દિકરીઓનાં સગપણ બાબત દિવકરી આપવાનું તથા દિકરી લેવાનું સનાતન વૈદિક હિન્દુ ધર્મને પાળનારા પરિવારો સાથે કરવાનું રહેશે. પિરાણા સતપંથ ધર્મને માનનારા કોઈપણ ગામના કોઈપણ પરિવારો સાથે નવા સગવપણ કે સંબંધો કરવા નહિ.

(ખ) આથી અગાઉ પીરાણા સતપંથ ધર્મને માનનારા પરિવારો સાથે કરવામાં આવેલ જૂના સંબંધોમાં આવતા સામાજિક વ્યવહાર જેવા કે લગ્ન, મામેરું તથા બોલામણું વગેરે પ્રસંગોમાં જઈ આવી શકાશે, પરંતુ તેવા પ્રસંગોના જમણવારમાં ભાગ લેવો નહિ. **(અનુસંધાન પાન -૧૨ ઉપર)**

કટાક્ષ કરી સતપથંના હિન્દુ સંપ્રદાય હોવા સામે કટાક્ષ કર્યો હતો.

ઊમિયા મંદિર, ઊંઝાના મણીભાઇ પટેલ 'મમ્મી' એ ફરી એક વખત સતપંથી ભાઇઓને મુખ્ય પ્રવાહ માં ભળી જવાની વિનંતી કરી હતી. અને સંત સમાજની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે 'સંત સમાજ ખાબડે ચડ્યો છે.'

ત્યાર બાદ વકતવ્ય માટે આવેલ યુવાસંઘના ગત ટર્મના પ્રમુખ અને વર્તમાનમાં યુવાસંઘની અધ્યાત્મિક તેમજ સામાજિક સમિતિના કન્વીનર જયંતી લાકડાવાળાએ જણાવ્યું હતું કે, "૧૯૫૭ની સમાજની મીનીટ્સ બુકમાં લખેલુ છે કે સતપંથના માણસોએ સતપંથ છોડવાની વાત કરી હતી અને સૌની સાથે રહેવાની વાત કરી હતી એટલે સમાજના નામ આગળથી સનાતન શબ્દ કાઢી નાંખવામાં આવ્યો. સનાતન સમાજે એ વખતે સમાજની એકતા માટે પોતાનું બલીદાન આપી દીધું અને કેન્દ્રીય સમાજમાં મર્જ થઇ ગયો. પરંતુ સનાતન સમાજને દગો થયો. સતપંથે સનાતનની જેમ બલીદાન ના આપ્યું."

વર્તમાન સમયમાં સનાતન ધર્મનો ઝંડો લઇને ફરતા પ્રખર સનાતનવાદી કાર્યકર્તાઓ ઉપર કેટલાક કહેવાતા ધર્મનિરપેક્ષ લોકો આરોપ લગાવતા કહે છે કે અમુક લોકો સમાજને તોડવાનું કામ કરી રહ્યા છે. આવા કહેવાતા બિનસંપ્રદાયીક લોકો ઉપર વાક્બાણથી પ્રહાર કરતા લાકડાવાળાએ જણાવ્યું હતું કે "અમે સમાજ નથી તોડ્યો. ૨૨૭ વર્ષ પહેલા કેસરા પરમેશ્વર એ સમાજ તોડી સતપંથમાંથી ૨૫૦૦ માણસોને સનાતની બનાવ્યા હતા. બીજી વખત સમાજ નારાયણ રામજી લીંબાણીએ તોડ્યો હતો. અમે તો માત્ર એ આદ્ય સુધારકોના પગલે ચાલીએ છીએ. જો હું ખોટા પગલે ચાલતો હોઉં તો તમે મને રોકજો ટોકજો અને કહેજો."ઈંધાણા (લાડકવાળા) તું ખોટું કરે છે." કચ્છ કડવા પાટીદાર સમાજ જ એક માત્ર એવો સમાજ છે જેને શ્વેતપત્ર બહાર પાડ્યો હોય.'''

ત્યાર બાદ સભાને સંબોધવા પધારેલ યુવા સંઘના વર્તમાન પ્રમુખ શ્રી ગૌરાંગભાઇ ધનાણી એ તેમની આગવી કાવ્યાત્મક શૈલીમાં શોર્ટ એન્ડ સ્વીટ વકતવ્ય આપ્યું હતું. તેમની કાવ્યાત્મક વાણીના કેટલાક અંશો આ મુજબ હતા.

"મારે એક જ વાત કરવી છે, મર્મમાં કરવી છે, બધાને કરવી છે, ખોટા ઈતિહાસને ભૂલીને આગળ વધવું છે."

વાત આવે છે વિકાસની ત્યારે વાત આડે આવે છે સતપંથની.

આચાર વિચારમાં ખામી છે અટકચાળો કરવાની.

હવે તરવરીયો યુવાન સહન નહીં કરે. અંત જોઇએ છે. સતપંથની મવાળ પ્રવૃત્તિનો મારે, યુવાનોને મીશન ૨૦૨૦ તરફ લઇ જવા છે. અને અંતે તેમણે તેમની પ્રિય પંક્તિઓ "ચાલો માણસ માણસ રમીએ... એકબીજાને ગમીએ... નમીએ..." ઉચ્ચારી વાણીને વિરામ આપ્યો હતો.

આ ઉપરાં રમેશભાઇ ગોરાણી (બેંગ્લોરવાળા) એ પણ સતપંથની આકરી ઝાટકણી કાઢી હતી અને સતપંથીઓ ઉપર આકાર પ્રહારો કર્યા હતા.

ત્યારબાદ પ્રોફેસર આર. એલ. પટેલે સમગ્ર સભાનો મર્મ અને સારાંશ સમજાવ્યા હતા. તથા ૧૦ ઠરાવો વાંચી ઉપસ્થિત જનમેદનીની મંજૂરી માંગી સર્વાનુમતે બહાલી આપી હતી.

અંતે કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી રામજીભાઇ નાકરાણી એ પોતાના વકત્વ્યમાં નિષ્કલંકી ધામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહેવા બદલ માફી માંગી

હતી. તેમણે જણાવ્યું હતું કે, "સતપંથના કાર્યક્રમાં ગયો તે જ મારી મોટી ભૂલ છે. પરંતુ આમાંથી કંઇક સારું થવાનું હશે તેમ મારા ત્યાં જવાથી જ આ જુવાળ ઉઠયો હતો." કેન્દ્રીય પ્રમુખે સ્પષ્ટ જણાવ્યું હતું કે **"અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સનાતન સમાજ જ છે."**

સવારે ૯-૩૦ વાગે શરૂ થયેલ કાર્યક્રમ કોઇપણ જાતની બ્રેક વગર સળંગ છ કલાક ચાલ્યો હતો. ૩-૩૦ વાગે કાર્યક્રમ પૂરો થયો. આ કાર્યક્રમમાં શ્રોતાઓ એ માત્ર સાંભળવાનું જ હતું. છતાં પણ છેક સુધી કાર્યક્રમના અંત સુધી સભા મંડપ શ્રોતાઓથી ખીચોખીચ ભરેલો રહ્યો હતો. હજારો ની ઉપસ્થિતિ હોવા છતાં દરેક શ્રોતા ધ્યાનથી એક પછી એક શ્રોતાઓને સાંભળીને સમજી રહ્યા હતા. 'સમજે પાટીદાર...' કાર્યક્રમમાં આવેલા સાબરકાંઠાના શ્રોતાઓએ અભૂતપૂર્વ સંયમ દેખાડી પાટીદાર સમજી ગયો છે, તેવી સાબિતી આપી હતી.

સમગ્ર સભાનું સુંદર સંચાલન યુવાસંઘના કાઉન્સીલ પ્રમુખ અશોકભાઇ ભાવાણી તથા શ્રી વસંતભાઇ ધોળુએ કર્યું હતું.

(પાન-૧૦ નું ચાલુ) મંજૂર થયેલ ઠરાવો:

ઠરાવ : ૬ આથી અગાઉ પીરાણા સતપંથ ધર્મને માનનારા પરિવારોમાં જૂના સંબંધોમાં (ફઇ, બહેન, દિકરી, સાસરીયું) મરણ વખતે દફન વિધિ તેમજ તેને લગતી કોઇ પણ પ્રકારની અંતિમ ક્રિયાઓમાં ભાગ લઇ શકાશે નહિ, પણ સામાજિક નીતિ-નિયમો પ્રમાણે થતો વ્યવહાર કરી અથવા ચૂકવીને પાછું આવવાનું રહેશે. તેમજ હિન્દુ ધર્મને ન છાજતી ઉત્તર ક્રિયામાં ભાગ લેવાનો રહેશે નહિ.

ઠરાવ : ૭ આ સમાજ ઝોનો દ્વારા યોજાતા સમૂહ લગ્નમાં સનાતન વૈદિક હિન્દુ ધર્મને અનુસરનાર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના પરિવારોના સંતાનોનો જ સમાવેશ કરવામાં આવશે.

ઠરાવ : ૮ આ સમાજ ઝોનોનો કોઇપણ વ્યકિત અથવા સભ્ય તેમજ તેમનો પરિવાર સતપંથ ધર્મને ત્યજી સનાતન વૈદિક હિન્દુ ધર્મમાં પાછો આવવા ચાહે તો તેમને આવકારવામાં આવશે. પણ તેઓએ સનાતન ધર્મને અનુસરનાર સમાજ પાસેથી બાંહેધરી પત્ર લખાવી લાવવાનો રહેશે.

ઠરાવ : ૯ આ સમાજ ઝોનોમાં કોઇપણ પીરાણા સતપંથ ધર્મને માનનાર વ્યક્તિ આ સમાજ ઝોનોનો સભ્ય હશે યા કારોબારી સભ્ય હશે, હોદ્દેદાર હશે તો તેનું સભ્યપદ રદ થઇ જતાં કારોબારી સભ્ય તેમજ હોદ્દો આપો આપ રદ થઇ ગયો ગણાશે. સભ્ય તરીકે રદ થઇ ગયેલ કોઇપણ સભ્યને સમાજમાં ભરેલ કોઇપણ રકમ કે લવાજમ પાછું આપવામાં આવશે નહિ અને તેના સભ્યનો કોઇપણ પ્રકારનો સમાજ પર હક-દાવો રહેશે નહિ.

ઠરાવ : ૧૦ આ સમાજ ઝોન એક સનાતન વૈદિક હિન્દુ ધર્મને પાળતા લોકોની છે. તેના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી શ્રી ઉમિયા માતાજી છે. સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જનસમુદાય એક જ ધર્મ (સનાતન વૈદિક હિન્દુ ધર્મ)ને પાળતો હોય, એક જ રીત-રિવાજને અનુસરતો હોય તેમજ એક જ આચાર-વિચારને વરેલો હોય. આ સમાજ ઝોનમાં એકતા જળવાય એ હેતુને ધ્યાનમાં લેતાં સમાજઝોનના દરેક સભ્યો તેમજ તેમના પરિવારોને ચુસ્ત પણે મૂળ સનાતન વૈદિક હિન્દુ ધર્મ પાળવા આ સમાજ ઝોન આદેશ કરે છે.

કેન્દ્રીય પ્રમુખ બન્યા 'પાટીદાર શિરોમણી'



સમસ્ત પાટીદારોની એકતા માટે યોજાતા લવકુશ સંમેનલમાં અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ રામજીભાઇ કરમજીભાઇ નાકરાણીને પાટીદારોના ઉત્થાન માટે કરેલ કામગીરીને કારણે 'પાટીદાર શિરોમણી' સન્માનથી નવાજવામાં આવ્યા છે.

ગત તા. ૧૬-૧-૨૦૧૧ના રોજ અમદાવાદના સોલા રોડ ઉપર આવેલા ઊમિયા કેમ્પસમાં સમસ્ત લેઊવા અને કડવા પાટીદાર સમાજનું લવ-કુશ સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં વિશિષ્ટ કામગીરી કરનારા અને પાટીદાર સમાજનું ગૌરવ વધારનારા કડવા-લેઉવા પાટીદારોને 'પાટીદાર શિરોમણી'નું બિરૂદ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

પાટીદારોની એકતાના ઉદ્દેશ્યથી યોજામાં આવતા આ સંમેલનમાં આપણી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખે 'પાટીદાર શિરોમણી' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. પ્રમુખ રામજીબાપા આવુ સન્માન મેળવનારા આપણી જ્ઞાતિના પ્રથમ વ્યક્તિ છે. આમ સમસ્ત પાટીદાર સમાજોમાં કચ્છ કડવા પાટીદાર સમાજનું ગૌરવ વધ્યું છે.

'પાટીદાર શિરોમણી' બનનાર પ્રમુખ રામજીબાપાને પાટીદાર બંધુના ખૂબ ખૂબ અભિનંદન અને હાર્દિક શુભેચ્છા...

જીવનોપયોગી SMS

* જો તમે મૂલ્યવાન વસ્તુને ત્યાગ કરો છો તો તમે તે ગુમાવતા નથી, બલ્કે કોઈ બીજાને તેનો લાભ લેવાનો મોકો આપો છો.

* જ્યારે સમય આપણી પ્રતીક્ષા નથી કરતો તો આપણે સમયની પ્રતિક્ષા કેમ કરીએ? સારું કાર્ય કરવા માટે કોઈપણ સમય ખરાબ નથી.

* ખોટાને બદલે યોગ્યને પસંદ કરો, પ્રસિદ્ધિને બદલે સત્યને પસંદ કરો, એવું કરવાથી આપણું જીવન શુદ્ધ, પવિત્ર અને મહાન બને છે.

* વિમાન પૃથ્વી પર સદા સુરક્ષિત છે, પરંતુ તે તેના માટે નથી બનાવાયું અર્થાત્ કેટલાક મૂલ્યવાન જોખમો ઉઠાઓ અને જીવનને સફળ બનાવો.

2011-02-15 -Patidar Bandhu (1390)

"યુવાસંઘ વાઈબ્રન્ટ સમીટ ૨૦૧૦-૧૨નું મુંબઈમાં થયેલ આયોજન"

૨૦૦ કરોડ પૈસાના રેકોર્ડ બ્રેકીંગ એમઓયુ થયા



યુવાસંઘની સમીતીઓ દ્વારા ટર્મ ૨૦૧૦-૧૨ સમય દરમ્યાન અસર વર્ષનાં અભિયાનમાં ૨ કરોડ રૂપીયાના એમઓયુ રજૂ કર્યા.

મુંબઈ બોરીવલીના અદ્યતન પાટીદાર વાડીમાં તા. ૨૪-૨૫ યુવાનસંઘની કમીટીઓએ ટર્મ દરમ્યાન પ્રોજેક્ટ રીપોર્ટ રજૂ કર્યા અને તેઓ દ્વારા ૨૫ તારીખનાં કમીટીમાં ચર્ચા કર્યા બાદ નક્કી કરેલા લક્ષ્યાંકોમાં શોર્ટ ટર્મ ગોલ અને લોંગ ટર્મ ગોલ માટેનાં યુવાસંઘની સેન્ટ્રલ ટીમ સમક્ષ એમઓયુ (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ) બનાવી રજૂ કર્યા.

જેમાં ખાસ કરીને સ્વર્ણિમ મહોત્સવમાં વસ્તી ગણતરી ઓનલાઈન પ્રોજેક્ટ, બિઝનેસ સેલ કમિટી દ્વારા યલો પેજીસનું નિર્માણ અનેયુવા સુરક્ષા કવચ દ્વારા વાય.એસ.કે. મેમ્બસથી પરિવાર સૂરક્ષા કવચ અંગે મુખ્ય પ્રોજેક્ટ આ વખતે સંપૂર્ણ સિધ્ધ થાય તે માટેની દરખાસ્તો કારોબારીમાં રજૂ કરવામાં આવી અને તે પરિપૂર્ણ કરવાનું કટિબધ્ધ કરવામાં આવ્યું.

ખાસ તો ગુજરાત વાઈબ્રન્ટ બન્યુ છે ત્યારે યુવાસંઘ સમાજમાં યુવાનોને વાઈબ્રન્ટ બનાવી આધુનિકતાની સંવેદનાનો સ્પર્શ કરાવવા માંગે છે. આથી ગુજરાત સરકાર જેમ સાહસીકો પાસે એમઓયુ કરાવ્યાં તેમ જ યુવાસંઘની સેન્ટ્રલ ટીમનાં હોદ્દેદારો અને કેબીનેટ મેમ્બરો સામે કમીટીના સીઈઓ/કન્વીનર અને પીડીઓ દ્વારા લેખિતમાં કામગીરી પૂર્ણ કરવાની અંતિમ તારીખ સાથે એમઓયુ રજૂ કરવામાં આવ્યાં.

ફંડ કમિટી દ્વારા આ ટર્મમાં ૨ કરોડના એમઓયુ કરવામાં આવ્યા હતા. આ આવક કઈ રીતે ઉત્પન્ન કરવામાં આવશે તેની સંપૂર્ણ રજૂઆત કરવામાં આવી અને યુવાસંઘને ૨ કરોડની બેલેન્સ સીટ બનાવી આ ટર્મની ટીમ આપશે. એવું એમઓયુ તમામ કમીટી લીડરો સાથે પ્રોગ્રેસ રીપોર્ટની ચર્ચા કરી રજૂ કરવામાં આવેલ.

આ વર્ષ 'અસર' ''અર્થ, સંકલન રક્ષા'' ઘોષિત કરવામાં આવેલ હોઈ તેનાં પ્રોજેક્ટને અન્ય કમીટીઓ દ્વારા વધુ અગ્રતા આપવામાં આવે તેમજ અન્ય કમિટીઓનાં પ્રોગ્રામમાં 'અસર'ની અસરકારક વાતો તથા તેના વિકાસ અને વ્યવસ્થા માટે

સૌને જોડવાનાં સહિયારો પ્રયાસ કરવામાં આવે.

યેલો પેજીસમાં ફોર્મ ફીલ અપ કરવા. જેમ કે જે કોઇ વ્યક્તિનો વ્યાપાર જેટલો પણ હોય તો તેણે જુદા જુદા ફોર્મ ભરવા. તેનાથી સમગ્ર સમાજની આવક ઉપાર્જનનાં જુદા જુદા પાસાની ફંડ હેઠળ નોંધ કરવામાં આવશે. જે કોઈ નોકરી કરતા હોય તો તેણે તેની નોંધ અલગ આપવી. જો કોઇ ખેતી કરતા હોય તો તેની નોંધ અલગ આપવી.

વેબ કોમ એટલે ઓનલાઇન વસ્તીપત્રકની દરેક સમાજે પોતાની સમાજની નોંધ વેબસાઇટો પર જોઈ લેવી. તેમાં જો કોઇ રહી ગયું હોય તો ખાસ તેની નોંધણી કરાવવી. હવે તો સ્પષ્ટ અને શ્વેતપત્રનાં આદેશ અનુસાર સનાતની પરિવારોની નોંધ આ વેબસાઇટ પર કરવાની રહેશે. યુવા સુરક્ષા કવચ યોજનાં આકસ્મિક સંજોગોની આર્થિક સહાય સેવા આ યોજનાથી પૂરી પડાય છે. જ્યારે યુવા અવસ્થાએ કોઈનું મૃત્યુ થાય છે ત્યારે પરિવારમાં અર્થની પ્રથમ ખોટ પડે છે તો સર્વાંગી સહાયથી એક માનવીય અભિગમથી આ યોજના આ સ્મિત સહ સેવા પૂરી પાડવાનો નમ્ર પ્રયાસ કરે છે.

ઉપરોક્ત યેલો પેજ અને વેબ સાઇટ પર વસ્તીપત્રકનાં ડેટા ફીલ અપ કરવા દરેક પરિવારને લગભગ ફરજીયાત અને ફ્રી ઓફ કોસ્ટ છે. તેમાં તેમણે ક્યાંય કશું આપવાનું રહેતું નથી. યુવાસંઘ ફક્ત આધુનિકતાનો આવિસ્કાર કરી કોમ્પ્યુટર યુગમાં સમાજની વ્યવસ્થાને અને વ્યવસાયને સંકલીત કરી સગવડ-સવલતની ઉપલબ્ધી કરવાનો પ્રયાસ કરે છે. જ્યારે વાય.એસ.એ.માં પોતાનું યોગદાન કોઇકનાં પરિવારની અસામાન્ય પરિસ્થિતિમાં એક સહાયનું સ્મિત બની હિંમત આપવાનો પ્રયાસ કરે છે. ત્રાણેયનો આ ત્રણ માસમાં ભારતભરની તમામ સમાજો પ્રચાર-પ્રસાર કરી યુવા સંઘનાં યુવાઓને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરશે. આમ પણ કેન્દ્રીય યુવા સંઘની ટીમ 'Act Locally - Think Globally'નાં સૂત્ર પ્રમાણે કાર્ય કરવાનો અનુરોધ કરે છે. દુરંદેશી વિચારોને પ્રાધાન્ય આપવું જરૂરી છે અને તે અનુસાર તમારા મંડળ કે સમાજમાં પાયામાં જ કાર્ય કરવાનું છે. યુવાસંઘની કાઉન્સીલ વ્યવસ્થા મુજબ - ઓસીન, ગ્રીનલેન્ડ, રામસેતુ, ફોરેસ્ટ, હિમાલયનાં કાઉન્સીલ ટીમ દ્વારા તમામ વ્યવસ્થાનો હવે પછી સુપેરે એક્સશન પ્લાન આપવામાં આવશે એવી બાંહેધરી આપવામાં આવી. ખાસ પ્રવર્તમાન ધાર્મિક આંદોલન માટેની ટીમનાં કન્વીનરો દ્વારા સંત સમિતિનો જે સમાજની વ્યવસ્થામાં દખલગીરી કરતો પત્ર પાઠવવામાં આવ્યો હતો તેને સત્વરે ખુલ્લો પત્ર પાઠવી પ્રત્યુત્તર આપવામાં આવ્યો તેની જાણકારી કરવામાં આવી.

કેન્દ્રીય સમાજની પ્રવર્તમાન સનાતન સભ્ય યોજનાની બંધારણીય જોગવાઇની દરેક ઝોન-સમાજમાં વિપરીત પરિસ્થિતિ અંગે યુવાસંઘ દ્વારા કેન્દ્રીય સમાજને પત્ર લખી જાન્યુઆરી માસમાં ચિંતન શિબિર રાખવા વિનંતી કરવામાં આવેલ છે. જેનો પ્રત્યુત્તર હજી સુધી મળ્યો નથી. તો તે અંગે પરામર્શ કરી ચિંતન શિબીર રાખવાનો ફરીથી અનુરોધ કરવા સર્વ ઉપસ્થિત યુવાઓએ જણાવ્યું.

મુંબઈ રીઝીયનનાં ડોંબીવલી સમાજ આધુનિક બનાવાઇ છે અને ટૂંકાગાળામાં જ લોકાર્પણ વિધિ થઈ હોય તે નવીનતમ સમાજ ભવનનો લાભ ભારતભરનાં યુવા કાર્યકર્તાઓએ લીધો હતો. મુંબઈ રીઝીયનનાં કર્તાઓએ સુંદર વ્યવસ્થા સંભાળી તે બદલ અભિનંદીત કરવામાં આવ્યા હતા. સમગ્ર સંચાલન જનરલ સેક્રેટરી હરીશ રામાણી અને પ્રવક્તા પ્રકાશ માવાણી દ્વારા કરવામાં આવેલ હતું.

ભાવભીની શ્રદ્ધાંજલિ



વૈકુંઠગામી શ્રદ્ધેય પાર્વતીબેન પ્રેમજીભાઈ ચૌધરી

હાલ - હાલોલ, કચ્છમાં : પાનેલી

પરલોક ગમન તારીખ : ૧૨/૧/૨૦૧૧, ઉંમર વર્ષ : ૭૭

ઋણાનુ બંધનથી તમે અમારા સ્નેહી બન્યા. પરંતુ સનાતન આત્મા તો તમામ બંધનોથી પર છે. આપના દિવ્ય આત્માનું બંધન પરમાત્મા સાથે થાય અને આપનો આત્મા પરમાત્મ શાંતિ પામે તથા વેદોમાં વર્ણીત કૈવલ્ય પદની પ્રાપ્તી કરે તેવી પરમ કૃપાળુ સચ્ચીદાનંદ સર્વ અંતરાત્મા પ્રભુને કોટી કોટી પ્રણામ સહ પ્રાર્થના...

લિ. આપનો આત્મીય પરિવાર

પ્રેમજીભાઈ સોમજીભાઈ ચૌધરી (પતિ)
ચંદુભાઈ સોમજીભાઈ ચૌધરી (દિયર)
જીવરાજભાઈ સોમજીભાઈ ચૌધરી (દિયર)
સ્વ. ભીમજીભાઈ સોમજીભાઈ ચૌધરી (દિયર)
રવજીભાઈ સોમજીભાઈ ચૌધરી (દિયર)
મહેન્દ્રભાઈ પ્રેમજીભાઈ ચૌધરી (પુત્ર)
કરણ મહેન્દ્રભાઈ ચૌધરી (પૌત્ર)
ચંદુભાઈ દેવજીભાઈ ભાવાણી (નણદોઈ)

જમનાબેન ચંદુભાઈ ચૌધરી (દેરાણી)
સ્વ. વેલાબેન જીવરાજભાઈ ચૌધરી (દેરાણી)
પાર્વતીબેન રવજીભાઈ ચૌધરી (દેરાણી)
રસીલાબેન મહેન્દ્રભાઈ ચૌધરી (પુત્રવધુ)
બિનલ વિશાલકુમાર લીંબાણી (પૌત્રી)
કુ. વિધિ મહેન્દ્રભાઈ ચૌધરી (પૌત્રી)
દેવીલાબેન ચંદુભાઈ ભાવાણી (નણંદ)

: સંબંધીત ફાર્મ :

ગુરૂકૃપા પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ

જી.આઈ.ડી.સી. હાલોલ, જી. પંચમહાલ

પિરાણાના ભૂતપૂર્વ કાકા રામજી લખમણએ કાકા બનતી વખતે મુસ્લિમ સૈયદોને લખી આપેલો બોલતા દસ્તાવેજ

વર્તમાન સમયમાં કચ્છ કડવા પાટીદાર સમાજમાં સતપંથ-સતાનત ધાર્મિક વિવાદ ચરમ સીમા ઉપર છે. તાજેતરમાં જ અખીલ ભારતીય સંત સમિતિએ કેન્દ્રીય સમાજને એક પત્ર લખી સતપંથ સંપૂર્ણ વૈદીક હોવાનું જણાવ્યું હતું. સંત સમિતિએ આ પત્રો હજારો લોકોને મોકલ્યા હતા અને સમાચાર પત્રોમાં પણ પ્રસિધ્ધ કર્યા હતા. સંત સમિતિના આ કૃત્યથી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની ગૌરવવંતી છબીને બગાડવાનો પ્રયાસ થયો છે. આદરણીય સંત સમિતિની જાણ ખાતર અહીં એક દસ્તાવેજની વિગતો પ્રકાશિત કરવામાં આવી છે.

આ દસ્તાવેજ તારીખ ૩ ડીસેમ્બર સને ૧૯૨૫ના રોજ કાકા રામજી લખમણે 'કાકા' બનતા પહેલા પિરાણાના સૈયદોને નીચે મુજબ લખાણ લખી આપ્યું હતું. આ દસ્તાવેજ સતપંથના હિન્દુ પંથ હોવાના દાવાની ઘણીબધી પોલ ખોલે છે. દસ્તાવેજની વિગત અક્ષરશઃ નીચે મુજબ છે.

'કાગળના પીઠ નંબર ૫૫૧૯ રૂા. ૧૫નો તા. ૩ ડિસેમ્બર સને ૧૯૨૫ કાકા રામજી લખમણ ગામ પીરાણા તલુકા દસક્રોઈ હા. પોતે અમદાવાદ માણેકચોકના સાંગદી મગનલાલ રણછોડ.

નિમણૂંક પત્રનો દસ્તાવેજ સંવત ૧૯૮૨ના પોષ સુદ-૨ને વાર મરેક તા. ૧૭ માસ ડિસેમ્બર સને ૧૯૨૫ અંગ્રેજી દિને પીરાણાના હજરત પીર ઈમામ શાહ સુતનરઅલી મમિદશા બાલાના ઓલાદના પંચ તરફથી સૈયદ પુંજુમિયા હુસેનમિયાં ઉંમર વર્ષ ૪૫ તથા સૈયદ ગુલામ હુસૈન અસગરઅલી ઉંમર આશરે ૫૦ તથા સૈયદ અમીર સાહેબ જાફરઅલી ઉંમર આશરે વર્ષ ૬૦ તથા સૈયદ ફતેહઅલી હસનઅલી ઉંમર આશરે વર્ષ ૫૫ તથા સૈયદઈતાયત બહેઅલી ઉંમર આશરે વર્ષ ૩૨ તથા સૈયદ મીરૂમીયાં નઝર અલી ઉંમર આશરે વર્ષ ૫૫ સર્વજાતના સૈયદ રહેવાસી મોજે પીરાણા તાલુકો માઉંદ દસક્રોઈની ગામના તથા અહમદ હુસેનમીયાં શાબ ઉંમર આશરે વર્ષ ૬૦ તથા સૈયદ આબીદઅલી અલીમિયાં ઉંમર આશરે ૪૦ તથા સૈયદ કાસમઅલી પીર સાહેબ ઉંમર આશરે ૪૦ સર્વ સૈયદ રહેવાસી મોજે પેટલાદ પણ હાલ મોજે પીરાણા તથા સૈયદ નઝરઅલી આશરે વર્ષ ૬૫ તથા સઈયદ મુરાદઅલી બંદેઅલી ઉંમર વર્ષ ૫૦ તે બંને રહેવાસી મોજે આવા ખાલના તથા સઈયદ અસરફઅલી કાસમઅલી ઉંમર આશરે વર્ષ ૪૫ રહેવાસી મોજે પુનીયદ તથા સઈયદ અહમદ મહેરઅલી ઉંમર આશરે વર્ષ ૫૦ તે રહેવાસી મોજે જીવરડી તથા સૈયદ અહમદ મહેરઅલી ઉંમર આશરે વર્ષ ૫૦ તે રહેવાસી મોજે જીવરડી તથા સૈયદ મુરતુજાઅલી ફતેહઅલી ઉંમર આશરે વર્ષ ૫૫ રહેવાસી સુરતના પણ સદરહું સખસો હાલ પિરાણાના સર્વે જાતના ઈમામશાહી ધંધો પીરો મુરાદનો તથા વજીફદારીનો જોગ લીંખીતગ કાકા રામજી લખમણ ઉંમર વર્ષ આશરે ૪૦ ધંધો ધર્મ ઉપદેશનો જાતના સંતપંથી કાકા

રહેવાસી કચ્છમાં ગામ અરલ પણ હાલ પિરાણાના તમોને દસ્તાવેજ લખી આપીએ છીએ તો તમોએ અમોને ગાદીના મુંજાવર નીમતા પહેલા અમારી પાસેથી કેટલીક શરતોનો દસ્તાવેજ લખાવી લીધેલ હતો. પરંતુ આજ રોજે તમોએ અમોને આજરોજ ગાદીના મુંજાવર નીમી કાકા નીમેલા છે. જેથી અમો નીચે લખ્યા મુજબની તમામ શરતો પ્રમાણે વચન કરવા બંધાયેલ છીએ. તેની વિગત નીચે મુજબ.

(૧) હજરત પીર ઈમામ શાહ. સુત નરઅલી મામદશાહ બાવાના સુરીદો એટલે આ ગાદીને માનનારા સેવકો પોતાની પેદાશમાંથી ફર્શાદ આપે અને ખુશીથી મુકી જાય તે રકમ અમો લઈએ અગર મંગાવીએ અગર માણસ મોકલી મંગાવીએ અગરને પડે આપી જાય અથવા રોજામાં મૂકી જાય અગર કાગળથી અગર ટપાલથી, મનીઓર્ડર તથા હુંડી વિગેરે જે જે આવક આપે તે સર્વેનો હિસાબ અમો બરાબર રાખીએ ને તે સીલક અમારા કબજામાં રાખીએ અને તેનો હિસાબ તથા ચોપડા જે જે વખતે માંગોતે વખતે અમો બતાવીએ તેમાં કોઈ પ્રકારની હકિકત કે રોકાણ કરીએ કરાવીએ નહીં.

(૨) તમો અલીલ શાહી તથા નુરસાહ સૈયદોના ગુજરાત સારું દરસાલ સુખડીનો હક્ક તથા દરેક વખત સુખડીની વિદાયગીરી તથા ઘરડાના ફાનીઓનો હક તથા બીસમીલ્લાનો હક તથા ગાદીનો હક્ક તથા મઈયતનો ઓરસનો હક્ક તથા રોજાની ચાંદ રાતનો હક્ક તથા હકુતનો હક તથા મુસાફરી જવા માટે રોજામાંથી મળતો વિદાયગીરીનો હક તથા તે સિવાય જે જે હકકો અસલ મુ. દસ્તાવેજ મુજબ ચાલે છે. તે મુજબ દર સાલ આપે જઈએ ને ચલાણી રૂા. આપે જઈએ તે સહી છે.

(૩) જે અસલથી સદાવત અપાય છે. તે પ્રમાણે આપે જઈએ સદરહું ગાદીના અંગે જે જે કામો કરવા પડે તેમાં જે કાંઈ ખરચ થાય તે અમો કરીએ ને ખરચ તમો પંચને ગેર વ્યાજબી માલુમ પડે તો અમો કરીએ નહી ને તમારા ના કહેવા વિરુધ્ધ ખરચ કરીએ તો તેના જવાબદાર અમો છીએ તે સહી છે.

(૪) આ દસ્તાવેજમાં લખેલ કામો તથા તે સિવાયના જે જે કામો કરવા પડે તે કામો સાફ દાનત અને નેક નિવાસી ન કરીએ અગર એમાં સ્વાદાનગીરી કરી દાનત બગાડી એ તથા અમો ગેરવરતણુંક ચાલીએ અને તમારા જાણવામાં આવે તો અમારી પાસેથી વહીવટ લેવા મુખતીયાર છો.

(સહી) કાકા રામજી લખમણ સહી. દા. પોતે

(શાખ) હાજી ગુલામહુસૈન હાજી ચાંદભાઈની શાખ. દા. પોતે

(શાખ) કશલાભાઈ નુરભાઈના શાંખ દા. પોતે

(શાખ) હાજી જમાલભાઈ શામદભાઈની શામ. દા. પોતે

(શામ) કમાલભાઈ મહંમદભાઈની શાખ. દા. પોતે

લી. મુમના કમાલભાઈ ચાંદભાઈ અમદાવાદ તાજપર ખજૂરીની પોળ,

સહી. કાકા રામજી લખમણ સહી.

ઉપરોક્ત દસ્તાવેજમાં કેટલાક અક્ષરો અન્ડરલાઈન કરવામાં આવ્યા છે. અન્ડરલાઈન કરેલ શબ્દો ધ્યાનથી ફરી વાંચો. સાતપંથના સદ્‌ગુરુ ઈમામ શાહ મહારાજને પીરાણાના જ સર્વોપરી ગાદીપતિ દ્વારા 'પીરાણા'ના હજરત પીર ઈમામશાહ તરીકે સંબોધવામાં આવ્યા છે. આ ઉપરાંત કોલમ-રમાં જે શબ્દો કાકા દ્વારા

દસ્તાવેજ ઉપર લખવામાં આવ્યા હત[illegible]ાથે નજ[illegible]માં એ [illegible] કે પીર[illegible]ાંથી સૈય[illegible]વારે તહેવાર ભાગ આપવાનું વચન આપ્યું છે. દસ્તાવેજની શરૂઆતમાં નામે હિન્દુ એવા રામજી લખમણ કાકાએ શુક્રવારને બદલે મરેક વાર (મુસ્લિમ કેલેન્ડર પ્રમાણે) શબ્દ લખાણ કરેલ છે. આ ઉપરાંત વાચકો પોતે જ નક્કી કરે. દસ્તાવેજનું લખાણ ઘણું બધું કહે છે, જેનું મુખ્યાંકન અને અર્થઘટન વાચકો ઉપર છોડું છું.

અહીં અમારો ઉદ્દેશ કોઈની લાગણીને દુભાવવાનો નથી. પરંતુ સત્યને ઉજાગર કરવાનો છે. સત્યનો દરેકે ઉદાર મને સ્વીકારવુંજ જોઈએ.

(આ દસ્તાવેજ ભુજમાંથી પ્રકાશીત થતા 'ધરતીના લાલ') સમાચારપત્રમાં ઘણા વર્ષો પહેલા પ્રકાશિત થયો હતો. તેના આધાર ઉપર અહીં દર્શાવેલ માહિતી પ્રસ્તુત કરવામાં આવી છે. 'ધરતીના લાલ' સમાચારપત્ર હાલમાં બંધ થઈ ગયું છે.

Swami Madhavtirth, Valad Gaam - Book Siddhio ane Chamatkaro #Pending

પીરાણા સતપંથ અંગે સ્વામી માધવર્તીજીનો અભિપ્રાય

માનનીય સંત સમિતિએ પિરાણા અંગે 'સ્વામી માધવર્તીથ'નો અભિપ્રાય પણ વાંચવો જોઈએ. નરોડાના દામુભાઈ ગોગારીની આધારશીલા હાઈસ્કૂલ પાસે વલાદ ગામ આવેલું છે. આ ગામમાં પરબ્રહ્મ પરમેશ્વરનો સાક્ષાત્કાર કરનાર મહાન વેદાંતી સંત સ્વામી માધવતીર્થનો આશ્રમ આવેલો છે. સ્વામી માધવર્તીથના દર્શન માટે ઈન્દિરા ગાંધીના ગુરૂ પૂજ્ય માઁ આનંદમયી પણ આવતા હતા. આ ઉપરથી સ્વામી માધવર્તીથની મહાનતાનો અંદાજ આવી શકે છે. સ્વામી માધવતીર્થ પ્રખર અનુભવ યુક્ત જ્ઞાની પુરૂષ હતા. માત્ર પોથી પંડીત ન હોતા. સ્વામી માધવતીર્થ વિશે કંઈપણ કહેવા મારી કલમ અસમર્થતા બતાવે છે.

આવા બ્રહ્મજ્ઞાની સંત સ્વામી માધવતીર્થ એ 'સિધ્ધિઓ અને ચમત્કારો' નામના ગ્રંથમાં પાન નં. ૪૧ અને ૪૨ ઉપર નીચે મુજબ લખ્યું છે કે, **"લગભગ ૪૦૦ વર્ષ પહેલા અમદાવાદ પાસે ઈમામ શાહ નામના એક ઓલીયા સૈયદ પીરાણા ગામમાં થઈ ગયા. એમાં કહેવાય છે કે તે વખતે કેટલાક હિન્દુઓ જાત્રા માટે કાશી જતા હતા. તેમને ઈમામશાહે કેટલીક સિધ્ધિઓ બતાવી અને ત્યાં જ ગંગાજી પ્રગટ કર્યા. તેથી ઘણા હિન્દુઓ તેને ગુરુ માનવા લાગ્યા. તેમાંથી પીરાણા સત્પંથનો પંથ ચાલે છે. તે પંથમાં મુસલમાની ક્રિયાઓ છે અને હિન્દુઓની ક્રિયાઓ પણ છે. તેઓ પોતાની ગાદીને બ્રહ્માની ગાદી કહે છે, પણ તેમના મંત્રો મુસલમાની ઢબના છે. તેઓ મરદાને બાળતા નથી પણ દાટે છે, તે કેટલાક હિન્દુઓને ગમે છે. પણ જે માણસોની અંદર દેહ અભિમાન હોય તેમના શરીરને દાટવા કરતા બાળવું એ વધારે સારું છે."**

સ્વામી માધવતીર્થ રાગ, દ્વેષ અને મોહ માયા તથા સ્વાર્થવૃત્તિથી પર આત્મજ્ઞાની સંત હતા. તેઓ કોઈપણ વિષય ઉપર ઊંડો અભ્યાસ કરીને જ ટીકા ટીપ્પણ કરતા: માટે સત્પંથ અંગેની સ્વામી માધવતીર્થની આ ટીપ્પણી ધ્યાને લેવા જેવી છે. વળી સ્વામી માધવતીર્થ સામાન્ય સંસારી (આપણા જેવા લોકો) માટે 'અગ્નિ સંસ્કાર' ને જ શ્રેષ્ઠ કહ્યા છે. જે પોતાની જાતને ઉચ્ચ હિન્દુ માને છે તેમણે સ્વામી માધવતીર્થની આ વાતને સ્વીકારવી જ જોઈએ.

કચ્છ કડવા પાટીદાર સમાજ હરદા, મધ્યપ્રદેશમાં નવીન કારોબારીની થયેલ રચના

કચ્છ કડવા પાટીદાર સમાજ હરદાની જનરલ મિટીંગ દશેરાની રાખવામાં આવેલ. તેમાં નીચે મુજબ હોદ્દેદારો નિમાયા.

પ્રમુખ : શ્રી નારાયણભાઈ સામજીભાઈ ભગત (આણંદસર વિથોણ), ઉપપ્રમુખ : શ્રી રતનશીભાઈ લાળજીભાઈ ભાધાળી (ઘડલી), મંત્રી : શ્રી દેવજીભાઈ પ્રેમજીભાઈ ભગત (ભડલી), સહમંત્રી : શ્રી કરમશીભાઈ ભાણજીભાઈ નાથાણી (નખત્રાણા), ખજાનચી : શ્રી કાન્તિલાલ રામજીભાઈ સોમજી આણી (વિરાણીમોટા), ભવન સંચાલક : શ્રી પચાણભાઈ શિવદાસભાઈ પોકાર (માધાપૂર), સદસ્ય : શ્રી પ્રભુભાઈ લધાભાઈ ધોળુ (વિથોણ), શ્રી દેવજીભાઈ રામજીભાઈ ભગત (આણંદસર વિથોલ), શ્રી પુરુષોત્તમભાઈ પ્રેમજી દડગા (ટોડીયા), શ્રી મોહનલાલ મનજીભાઈ ભગત (ભડલી), શ્રી વિનેશકુમાર વિશ્રામભાઈ સોમજી આણી (વિરાણીમોટી)

નવયુવક મંડળ હરદાની દશેરા પછી પ્રથમ રવિવારે રાત્રે ૮-૩૦ વાગે જનરલ મિટીંગ બોલાવવામાં આવેલ. પ્રથમ દેક સભ્યનું લવાજમ ઉઘરાવેલ. ત્યાર બાદ મંત્રીશ્રીઆ આદેશથી ગત વર્ષના હિસાબ-કિતાબ ખજાનચીએ રજૂ કરેલ. જે સર્વાનુમતે હિસાબ પાસ કરવામાં આવેલ. અને નવી કારોકારીની રચના કરવામાં આવી.

:: અહેવાલ ::
ઈશ્વરલાલ ભાદાણી

પ્રમુખ : શ્રી દેવેન્દ્રકુમાર કેશવલાલ ભાદાણી (ઘડુળી), ઉપપ્રમુખ : શ્રી પ્રવીણભાઈ કાન્તીભાઈ સોમજીઆણી (વિરાણી મોટા), મંત્રી, ભરતભાઈ કરમશીભાઈ નાથાણી (નખત્રાણા), સહમંત્રી : દિલીપકુમાર શિવધલભાઈ પોકાર (હાદીયાનાના), ખજાનચી : દિપકભાઈ દેવજીભાઈ ભગત (ભડલી), ખેલમંત્રી : વસંતભાઈ પચાણભાઈ પોકાર (માધાપર), સાંસ્કૃતક મંત્રી : ચેતનભાઈ મગનભાઈ રામાણી (નખત્રાણા), સહસાંસ્કૃતિક મંત્રી : કમલેશભાઈ નવનીતભાઈ સાંખલા (તેત્રા), સામાજિક વ્યવસ્થા મંત્રી : વિનોદભાઈ દેવજીભાઈ ભગત (આણંદસર), સહસામાજિક વ્યવસ્થા મંત્રી : જીતેશકુમાર લખમશી ભગત (વિથોણ)

હરદા મહિલા મંડળની કારોબારી રચના નીચે મુજબ છે.

પ્રમુખ : શ્રીમતી ચંદ્રિકાબેન રવજીભાઈ પારસીયા (ધાવડા), ઉપપ્રમુખ : શ્રીમતિ પ્રેમિલાબેન મગનભાઈ રામાણી (નખત્રાણા), મંત્રી : શ્રીમતિ કુસુમબેન રવિલાલભાઈ ભગત (આણંદસર વિથોલ), સહમંત્રી : શ્રીમતિ લીલાબેન હિરલાલ પોકાર (હાદીયા નાના), ખજાનચી : શ્રીમતિ લતાબેન હરસુખલાલ સોમજીઆલી (વિરાણી મોટી), સલાહકાર : શ્રીમતિ લક્ષ્મીબેન પચાણભાઈ ખેડાર (માધાપર), શ્રીમતિ દમયંતીબેન પ્રવીણભાઈ સોમજીઆણી (વિરાણી મોટી), શ્રીમતિ મજુણબેન ગોવિંદભાઈ રામાણી (નખત્રાણા), શ્રીમતિ ઉર્મિલાબેન વિનોદભાઈ સોમજીઆણી (વિરાણીમોટી), શ્રીમતિ નર્મદાબેન છબીલભાઈ વેલાણી (સોની કંપા),

શ્રીમતિ હંસાબેન હરિભાઇ લીમ્બાણી (નખત્રાણા)

હરદા જિલ્લા ટિમ્બર મર્ચન્ટ એસોસિયેશનની વરણી :

પ્રમુખ : શ્રી શિવદાસભાઇ દેવજીભાઇ પોકાર (કાદીયાનાના), ઉપપ્રમુખ : શ્રી નવનીતલાલ વીરજીભાઇ સાંખલા (નેત્રા), મંત્રી : શ્રી તુલસીદાસ દેવજીભાઇ રામાણી (નખત્રાણા), સહમંત્રી : શ્રી સંદીપ પ્રેમજીભાઇ દડગા (ટોડીયા), ખજાનચી : શ્રી રવિલાલ રામજીભાઇ ભગત (આણંદસર વિથોણ), સભ્ય : શ્રી ઈશ્વરલાલ લાળજીભાઇ ભાધાણી (ધડબી), શ્રી હરસુખલાલ વેલજીભાઇ સોમજીઆલી (વિરાણી મોટી), શ્રી ઓમપ્રકાશ વાલજી સોમજીઆલી (વિરાણી મોટી), શ્રી વસંતભાઇ પચાણભાઇ પોકાર (માધાપર), શ્રી ભરતભાઇ દેવજીભાઇ ભગત (આણંદસર વિથોણ), શ્રી મહેન્દ્રકુમાર મનજીભાઇ પારસીયા (ધાવડા)

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ભવનમાં ધાર રોડ મહિલા મંડળ કારોબારીની રચના કરવામાં આવી.

તા. ૧૨-૧-૨૦૧૧ના સમાજવાડી ભવનમાં બપોર પછી ૩-૦૦ વાગે જનરલ મિટીંગ મહિલા મંડળની વાર્ષિક સામાન્ય સભા બોલાવવામાં આવી. તેમાં ગત વર્ષના હિસાબ કિતાબનો અહેવાલ મંત્રી શ્રીમતિ વસંતોબન વેલાણી સંભાળવેલ. બાદમાં સમાજના વડીલ માતાઓના માર્ગદર્શનથી નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. તેમાં – પ્રમુખ : શ્રીમતી કુસુમબેન પ્રહલાદભાઇ સેંધાણી, ઉપપ્રુમખ : શ્રીમતી રમીલાબેન દેવજીભાઇ ગોંગારી, મંત્રી : શ્રીમતી વસંતાબેન ભગવાનદાસભાઇ વેલાણી, સહમંત્રી : શ્રીમતી મણીબેન પ્રભુદાસભાઇ નાકરાણી, ખજાનચી : શ્રીમતી મણીબેન નરસીભાઇ દિવાણી, સંસ્કૃતિ મંત્રી : શ્રીમતિ નયનાબેન કિર્તીકભાઇ પોકાર, પ્રવાસ મંત્રી : શ્રીમતિ રાધાબેન હરેશભાઇ પોકાર, સભ્ય : શ્રીમતિ માયાબેન જેન્તીલાલ ગોંગારી, શ્રીમતિ નાનુબેન દાનાભાઇ પેંથાણી, શ્રીમતિ ગૌરીબેન સતિષભાઇ નાકરાણી, શ્રીમતિ લતાબેન ચંદુભાઇ નાકરાણી, સલાહકાર : શ્રીમતિ નર્મદાબેન હંસરાજભાઇ દિવાણી, શ્રીમતિ મણિબેન વિશ્રામભાઇ દિવાણી

આંખની માવજતના અગિયાર પગથિયા

(૧) આંખમાં ઠંડા પાણી છાલક દરરોજ સવાર-સાંજ મારવાથી આંખોની ગરમી દૂર થાય છે અને આંખોનું તેજ વધે છે.

(૨) કોથમીરનો રસ કાઢી, ચોખ્ખા કપડાથી ગાળી, તેનાં બબ્બે ટીપાં આંખમાં નાંખવાથી દુઃખતી આંખો સારી થાય છે. ખીલ, ફલુ, છારી વગેરે મટે છે. ચશ્માનાં નંબર ઉતરે છે.

(૩) મધ અને સરગવાના પાનનો રસ આંખમાં નાંખવાથી આંખના બધા રોગો મટે છે.

(૪) નાગરવેલના પાનનો રસ આંખોમાં નાંખવાથી દુખતી આંખો સારી થાય છે.

(૫) જીરાનું ચૂર્ણ રોજ ફાંકવાથી આંખોમાં ગરમી ઓછી થાય છે.

(૬) અધકચરા ત્રિફળા ચૂર્ણને રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારે ગાળી તે પાણી આંખમાં છાંટવાથી આંખોનું તેજ વધે છે.

(૭) આંખ આવેલી હોય તો લીંબુનો રસ, મધ, ફટકડી વાટી લગાડવાથી ઘણી રાહત થાય છે.


(૮) હળદર, ફટકડી અને આમલીના પાન સરખા પ્રમાણમાં લઈ તેને વાટી પોટલી કરી ગરમ કરીને આંખે શેક કરવાથી આંખોની રતાશ અને બળતરા મટે છે.

(૯) તેલ વગરની તુવેરની દાળ પાણી સાથે પથ્થર પર ઘસી આંખમાં આંજવાથી આંખનું ફુલુ અને જાળું મટે છે.

(૧૦) જાયફળ પાણીમાં ઘીને તેનો ઘસારો પાંપણ તથા આંખની આજુ બાજુ ચોપડાથી આંખની ચળ કે પાણી પડતું હોય તો તે મટે છે ઓ આંખોનું તેજ વધે છે.

(૧૧) આંખમાં દાડમનો રસ નાંખવાથી ચશ્માંના નંબર ઉતરે છે.

સ્વામી નિત્યાનંદના ષડયંત્ર પાછળ ઈસાઈ મિશનરીનો હાથ : રણજીતા





વર્તમાન સમયમાં ધર્મ અને સંસ્કૃતિની સેવા કરતા ધર્મ પુરૂષોને એક સુનિયોજીત ષડયંત્ર હેઠળ સતાવવામાં આવી રહ્યા છે. આ બધા ષડયંત્રો પાછળ ધર્માંતરણ કરતી ઈસાઈ મિશનરીઓનો હાથ હોવાનું ચર્ચાતું રહે છે. સંતશ્રી આસારામજી બાપુએ તેમના પર થઈ રહેલા ષડયંત્રો માટે ધર્માંતરણ કરતા તત્વોને જવાબદાર ઠેરવ્યા છે. ઈસાઈ મિશનરીઓ ખૂબ ચતુરાઈપૂર્વક આપણા જ માણસોને (હિન્દુઓને) હાથા બનાવી આપણી જ સંસ્કૃતિના મૂળ કાપે છે. હિન્દુને ઝગડાવીને એક તીરે બે શિકાર કરે છે. ઈસાઈ મિશનરી મુખ્યત્વે ભ્રષ્ટ નેતાઓ અને ભ્રષ્ટ મિડીયાનો સહારો લઈ સંતોને બદનામ કરવાના કાવતરાઓ કરે છે.

થોડાક મહિનાઓ પહેલા દક્ષિણ ભારતના યુવાન તેજસ્વી સંત સ્વામી નિત્યાનંદની તામિલ અભિનેત્રી રણજીતા સાથેના જાતીય સંબંધોની કથીત વિડીઓ સીડી એક ઈસાઈ વ્યક્તિએ જાહેર કરી હતી. સૌપ્રથમ ત્યાંની સ્થાનિક ટીવી ચેનલે અને ત્યાર બાદ દેશભરના મિડીયાએ આ સમાચાર પ્રસારીત કર્યાં હતાં. દેશભરમાં સ્વામી નિત્યાનંદ રાતોરાત જાણીતા બની ગયા. સ્વામી નિત્યાનંદનાં પ્રકરણે દક્ષિણ ભારતમાં ખૂબ જ હોબાળો સર્જ્યો. સ્વામી નિત્યાનંદજી ઘણા આશ્રમોમાં તોડફોડ થઈ એક આશ્રમને તો આગને હવાલે કરી દેવામાં આવ્યો. આવા બનાવો વખતે થતી તોડફોડ અમુક લોકોના ઈશારે ભાડુતી ગુંડાઓ દ્વારા થતી હોય છે. પણ બદમાશ મિડીયા તેને લોકોના આક્રોશના પ્રત્યાઘાત ગણાવે છે. આમ અચાનક આવેલી આફતથી સ્વામી નિત્યાનંદ થોડાક સમય માટે

અજ્ઞાતવાસમાં ચાલ્યા ગયા. પાછળથી તેઓ પોલીસ સામે હાજર થઇ ગયા. પરંતુ સ્વામી નિત્યાનંદ સાથે જે તામીલ હિરોઇનને સીડીમાં દર્શાવવામાં આવી હતી તે હિરોઇન રણજીતા આ ઘટનાક્રમ પછી લગભગ અદ્રશ્ય થઇ ગઇ હતી. થોડાક દિવસો પહેલા તેણે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને તેણે આ સમગ્ર ઘટનાક્રમ પાછળ ઇસાઇ મિશનરીઓનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. સાથે સાથે પોતાની જાનનો ખતરો હોવાનું પણ જણાવ્યું હતું.

અભિનેત્રી રણજીતાએ તમીલનાડુના મુખ્યમંત્રીને સંબોધીને કહ્યું હતું કે ''જો મુખ્યમંત્રી તેના જીવ ની સુરક્ષાની ખાતરી આપેતો આ ષડયંત્ર પાછળ રહેલા મોટા માથાના નામ જાહેર કરી શકે છે.'' આ ઉપરાંત રણજીતાએ સ્વામી નિત્યાનંદ સાથેના કોઇપણ પ્રકારના યૌન સંબંધોનો પણ ઇન્કાર કર્યો હતો. મિડીયામાં પ્રસિદ્ધ કરાવામાં આવેલ વિડીયો ટેપ બનાવટી હોવાનું રણજીતાએ જણાવ્યું હતું.

રણજીતાએ પ્રેસ કોન્ફરન્સમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે ''મને ધમકાવવામાં આવી હતી અને બ્લેકમેઇલ કરવામાં આવી હતી. ફરાર થઇ જવા માટે મારા ઉપર દબાણ કરવામાં આવ્યું હતું. આ બધી બાબતોથી હું ગભરાઇ ગઇ હતી. આ અંગે મેં મેજીસ્ટ્રેજની અદાલતમાં ફરીયાદ દાખલ કરી છે. હું આ બધાનો (ષડયંત્રકારીઓનો) સામનો કરવાથી ગભરાઇ ગઇ હતી. એટલે દેશ છોડીને ભાગી ગઇ હતી. મને અપરાધિઓ દ્વારા તથા ક્રિશ્ચિયન મિશનરી સાથે જોડાયેલી એક વ્યક્તિ દ્વારા ધમકાવવામાં તથા બ્લેકમેઇલ કરવામાં આવી હતી. હું જીવવા માંગુ છું, એટલે એ લોકોનું નામ નહીં બતાઉ. તમીલનાડુના મુખ્યમંત્રી મારી સુરક્ષની જવાબદારી લે તો હું નામ જાહેર કરી શકું છું.''

અહીં મહત્વપૂર્ણ વાત એ છે કે મિડીયામાં અને પોલીસને સૌ પ્રથમ આ કથિત સેકડકાંડની સીડી આપી આરોપ લગાવનારનું નામ 'કુરુપ્પન લેનિન' છે. આ કુરુપ્પન લેનિન ધર્મ પરિવર્તીત ઇસાઇ છે. આ કુરુપ્પન લેનિન વિડીયો મોર્ફિંગ અને વિડીયો એડીટીંગનો નિષ્ણાત વ્યક્તિ છે. આ ઉપરથી સ્પષ્ટ થઇ જાય છે કે સ્વામી નિત્યાનંદની સીડી પણ મોર્ફીંગ થયેલી બનાવટી હોવી જોઇએ. આજકાલ ઇન્ટરનેટ ઉપર ઘણી બધી નામી-અનામી હિરો-હિરોઇનોની મોર્ફિંગ કરેલી બનાવટી અશ્લિલ ક્લિપો જોઇ શકાય છે. ટેકનોલોજીનો દુરુપયોગ કરી ભેજાબાજો પોતાનો સ્વાર્થ સિધ્ધ કરવા આસાનીથી આવી વિડીયો બનાવ શકે છે.

સ્વામી નિત્યાનંદજી પણ સનાતન વૈદિક ધર્મના પ્રચાર-પ્રસાર માટે પ્રયત્નશીલ છે. આ યુવા સંતનો પ્રભાવ પણ વધતો જતો હતો. આથી સ્વાભાવિક છે કે ધર્માંતરણ કરનારાઓ માટે આ બધું અસહનીય છે. સ્વામી નિત્યાનંદ ''નિત્યાનંદ મિશન'' નામે યુવા વર્ગને જીવન જીવવાના સાચા મૂલ્યો શિખવી રહ્યા છે. આ યુવા સંતના લાખો અનુયાયીઓ છે. આજની ઘડીએ પણ તેમના ઉચ્ચ શિક્ષિત અનુયાયીઓ તેમની પડખે રહ્યા છે. તાજેતરમાંજ પ્રસિદ્ધ અભિનેત્રી જુહી ચાવલા તેમના પતિ અને બાળકો સાથે સ્વામી

નિત્યાનંદના આર્શિવાદ લેવા ગઇ હતી. સ્વામી નિત્યાનંદને નજીકથી ઓળખતા લોકોની આસ્થા હજી પણ સ્વામી નિત્યાનંદમાં અડગ રહી છે. ધર્માંતરણ કરનાર મિશનરીઓ માટે માથાના દુખાવો બનતા સ્વામી નિત્યાનંદ જેવા ઉભરતા સંતોને ઉગતા જ ડામી દેવાની કુપ્રવૃત્તિ મિશનરીઓ દ્વારા થઇ રહી છે. મિડીયાએ સંતશ્રી આસારામજી બાપુ ઉપર દુનિયાભરના આરોપો લગાવ્યા. પરંતુ દેશ-વિદેશમાં ફેલાયેલા ૧૦ કરોડથી પણ વધુ અનુયાયીઓ આજે પણ બાપુનો ફોટો ઘરના કે ઓફીસના મંદિરોમાં રાખી બાપુની પૂજા કરે છે. આ જ સત્યનું પ્રમાણ છે. આજે પણ પૂજ્ય આસારામજી બાપુની શિબિરોમાં અને સત્સંગ સભામાં હજારો નહીં લાખો લોકો ઉમટી પડે છે. પરંતુ ઇસાઇઓના ઇશારે ચાલતા ભ્રષ્ટ માધ્યમો અને રાજકીય પાર્ટીઓના ખાઉધરા અહંકારી નેતાઓને આ બધુ દેખાતું નથી કે પછી તેઓ દેખવા જ નથી માંગતા.

સ્વામી નિત્યાનંદ પ્રકરણમાં જે કાંઇ બન્યું તેની સંપૂર્ણ સત્યતા મિડીયા પાસે ન હોય તેનું ના બને. પરંતુ મિડીયા પણ આ બધા ષડયંત્રોનો એક ભાગ હોય છે. મિડીયાએ મુંબઇની એક કોલગર્લના બયાનને આધાર બનાવી સતાનત ધર્મની સેવામાં રત નારાયણ સાંઇના પવિત્ર ચરિત્ર્ય ઉપર કાદવ ઉછાળ્યો હતો. વાચકો નક્કિ કરે કોલગર્લની વાત સાચી કે નારાયણ સાંઇના પ્રેરણાથી પવિત્ર જીવન જીવતા લાખો અનુયાયીઓ સાચા. નારાયણ સાંઇના લાખો અનુયાયીઓમાંથી એક પણ અનુયાયી ઓછો થયો નથી. પરંતુ હજારોની સંખ્યામાં વધારો થયો છે.

હકીકત તો એ છે કે એક તરફ ઇસાઇ પાદરીઓના વિશ્વભરમાંથી યૌન ઉત્પીડનના હજારો કેસ દર વર્ષે નોંધાય છે. એક અંદાજ મુજબ દર વર્ષે ૧૭,૦૦,૦૦૦ લોકો ઇસાઇ ધર્મ છોડી રહ્યા છે. ઇસાઇઓના ધર્મગુરૂ પોપ બેનેડિકટનો ઘણા બધા ઇસાઇ દેશોમાં પ્રચંડ વિરોધ થઇ રહ્યો છે. ૧૯૫૦ થી ૨૦૦૨ સુધી ઇસાઇ પાદરીઓ દ્વારા યૌન-શોષણના ૧૦૬૬૭ કેસ નોંધાયા છે. જેમાંથી ૩૩૦૦ પાદરી ચુકાદો આવ્યા પહેલા જ મરી ગયા. જ્યારે ૬૭૦૦ પાદરીઓને ગુનેગાર જાહેર કરાયા હતા. ઇ.સ. ૨૦૦૨માં ચર્ચે આર્યલેન્ડના પાદરીઓના યૌન-શોષણના અપરાધોના વળતર પેટે ભોગ બનેલાઓને અને સરકારને ૧૨,૮૦,૦૦,૦૦૦ ડોલર દંડ ચૂકવ્યો છે. જ્યારે અમેરિકામાં ચર્ચ આવા કિસ્સાઓ માટે ૨ અબજ ડોલરથી પણ વધુ દંડ ચૂકવ્યો છે.

આજના ભણેલા-ગણેલા અને બિનસાંપ્રદાયિક લોકોએ ડેવિડ ફાલીના નીચેના વાક્યો ધ્યાનથી વાંચવા.

અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ઓફ વૈદીક સ્ટડીઝના નિર્દેશન ડેવિડ ફાલી એ લખ્યું છે કે **"સ્વતંત્રતા પછી (ભારતની) એક તરફ હિન્દુ વિરોધી પ્રચાર તથા બીજી તરફ સામ્યવાદ, ઇસ્લામ તથા ઇસાઇ ધર્મના પ્રચાર દ્વારા ભારતના ટુકડે ટુકડા કરી નાંખવાની સાજીસે આ દેશની સમસ્યામાં વધારો કર્યો છે. કહેવાતા ઉદાર ધર્મ નિરપેક્ષ એ છે કે જે ભ્રષ્ટ રાજનેતા છે. અને તેઓ પોતાની ખુરશી તથા સત્તાની લાલચમાં હિન્દુ**

સમાજને જાતિવાદ એવમ્ ધર્મના નામ ઉપર ઝઘડાવી પોતાની વોટ બેંક વધારી રહ્યા છે અને આપસમાં દ્વેષ ફેલાવી પોતાનો સ્વાર્થ સિધ્ધ કરી રહ્યા છે.''

હિન્દુઓએ હવે જાગી જવાની જરૂર છે. મિડીયા, મિશનરી અને મિનીસ્ટરો (ભ્રષ્ટ) દ્વારા આચરવામાં આવતા ષડયંત્રોને સમજવાની જરૂર છે. મેં પહેલા પણ પાટીદારબંધુના માધ્યમ થકી ઘણી વખત કહ્યું છે કે મિશનરી મિડીયાનો અને ભ્રષ્ટ મંત્રીઓનો ઉપયોગ કરી હિન્દુ સંતોને નેસ્તનાબુદ કરવા પ્રયત્નશીલ છે. માટેં મિડીયાની વાતો સાચી માની સંતનિંદા કરતા પહેલા હજાર વખત વિચારજો. કારણ કે સંત તુલસીદાસજી મહારાજે કહ્યું છે,

''હરિ ગુરુ નિંદા સુનહીં જીન કાના,
હોવૈઇ પાપ ગૌ ઘાત સમાના.''

સંતની નિંદા સાંભળવાથી ગૌ હત્યા જેવું ભયંકર પાપ લાગે છે તો પછી સંત નિંદા કરવાથી કેવું પાપ લાગતું હશે. આથી સંતનિંદાથી પોતાની જાતને બચાવવામાં જ બુધ્ધિમાની છે.

વેલેન્ટાઇન-ડેનું લગ્ન પછીનું પરિણામ





કાયદો કહે છે..

સંકલીત

કલેક્ટર કચેરીમાં સિટી અને દશક્રોઈ તાલુકાની સબ રજિસ્ટ્રાર કચેરીઓ સમાવાશે

દસ્તાવેજની નોંધણી બાદ તરત જ નામ દાખલ કરવાની પ્રક્રિયા થશે

કલેક્ટર કચેરીમાં કાર્યરત, જનસેવા કેન્દ્રમાંથી સીટી અને દશક્રોઈ તાલુકાથી ૭/૧૨ના ઉતારની નકલ, ૬ની નોંધ અને ૮અની નકલ મેળવવા માટે મોટી સંખ્યામાં લોકોનો ધસારો રહે છે. જનસેવા કેન્દ્રમાં કોમનમેન માટેની સુવિધામાં વધારો કરવા માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. જનસેવા કેન્દ્રમાં અમદાવાદ સીટી અને દશક્રોઈ તાલુકાની સબ રજિસ્ટ્રાર કચેરીઓ ખસેડવામાં આવશે. કોઈપણ વ્યક્તિ જ્યારે જમીન-મિલકતનો દસ્તાવેજ કરાવે તે સમયે તેની ફેરફારની નોંધ ગામ નમુના નં. ૬માં આપો આપ કોમ્પ્યુટર દ્વારા થઈ જાય છે. ૧૩૫ ડી ની નોટીસ પણ કોમ્પ્યુટર જ જનરેટ કરે. તેમજ ૭/૧૨માં તે અંગેની કાચી નોંધ તે જ સમયે જનરેટ થાય અને જો ૩૦ દિવસની સમય મર્યાદામાં કોઈપણ વાંધો ન આવે તો કોમ્પ્યુટર પોતે જ આ એન્ટ્રીને પ્રમાણિક કરે તેવી વ્યવસ્થા વિચારવામાં આવી રહી છે. જનસેવા કેન્દ્રમાં સબ રજિસ્ટ્રારની કચેરીમાં દસ્તાવેજની નોંધણી બાદ તુરંત જ ૭/૧૨ના ઉતારામાં પણ નામ નોંધાય તેવી વ્યવસ્થા ગોઠવાશે. આમ એક જ સ્થળે દસ્તાવેજથી લઈને ૭/૧૨ સુધીની કામગીર એક જ સ્થળે થશે. હાલમાં સીટી અને દશક્રોઈ તાલુકાની મિલકતોની નોંધણી જુદા જુદા છ ઝોનમાં થાય છે. જનસેવા કેન્દ્રમાં સબ રજિસ્ટ્રારની કચેરી સમાવાતા લોકોની સુવિધામાં વધારો થશે.

સુભાષબ્રીજ સર્કલ પાસે આવેલા અમદાવાદ જિલ્લા કલેકટરની કચેરીના જનસેવા કેન્દ્રમાં દશક્રોઈ અને સીટી તાલુકાના ૭/૧૨ ઉતારા, ૬ની નોંધ અને ૮-અ ના જમીન દસ્તાવેજો મેળવવા માટે સવારથી જ કતારો લગાવે છે. માત્ર બે તાલુકાની જ રોજ આશરે ત્રણથી ચાર હજાર નકલો અરજદારોને આપવામાં આવે છે. હાલમાં સીટી અને દશક્રોઈ તાલુકાની કોઈપણ મિલકતની લે-વેચ થયા બાદ તેના દસ્તાવેજોની નોંધણી જુદા જુદા છ ઝોનમાં કરવામાં આવે છે. એકવાર દસ્તાવેજની નોંધણી થયા બાદ તેની કાચી નોંધ પડાવવા માટે જે તાલુકાને સંબંધિત મિલકત હોય તે તાલુકાના કલેક્ટર કચેરીમાં કાર્યરત ઈ-ધરા કેન્દ્રમાં

કાચી નોંધ મેળવવા અરજી કરવાની રહે છે. હાલમાં કાર્યરત જનસેવા કેન્દ્રના વિસ્તરણ બાદ સીટી અને દશક્રોઈ તાલુકાની સબ રજિસ્ટ્રાર કચેરીઓ સમાવવા આવશે. જનસેવા કેન્દ્રમાં સબ રજિસ્ટ્રારની કચેરીમાં દસ્તાવેજની નોંધણી બાદ તુરંત જ ૭/૧૨ના ઉતારામાં પણ નામ નોંધાય તેવી કોમ્પ્યુટરાઈઝ વ્યવસ્થા ગોઠવાશે. અમદાવાદ જિલ્લા કલેક્ટર હારિત શુકલાએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં બે તાલુકાની જુદી જુદી સબ રજિસ્ટ્રાર કચેરીઓ જિલ્લા કલેક્ટર કચેરીમાં જ જગ્યા ફાળવાય તેવી વ્યવસ્થા ગોઠવાય તેવું વિચારાધની છે.

पेप्सी, कोका कोला।

पेप्सी बोली कोका कोला। भारत का इन्सान है भोला।
विदेश से में आयी हूँ, साथ मौत को लायी हूँ।
लहर नहीं जहर हूँ में, गूदों पर बढता कहर हूँ में।
मेरी पी.एच. पॉइन्ट सात, मुझ में गिर कर गल जायें दाँत।
जिंक आर्सेनिक लेड हूँ मैं, काटे आँतो को, वो ब्लेड हूँ में।
मुझसे बढती एसिडिटी, फिर क्यों पीते भैया-दीदी?
ऐसी मेरी कहानी है, मुझसे अच्छा तो पानी है।
दूध दवा है, दूर दुआ है, में जहरीला पानी हूँ।
हाँ दूध मुझसे सस्ता है, फिर पीकर मुझको, क्यों मरता है?
५४० करोड कमाती हूँ, विदेश में ले जाती हूँ।
शिव ने भी न जहर उतारा, कभी अपने कण्ठ के नीचे।
तुम मूर्ख नादान हो यारो! पडे हुए हो मेरे पीछे।
देखो इन्सां लालच में अंधा, बना लिया है मझको धंधा।
मैं पहुँची हूँ आज वहाँ पर, पीने का नहीं पानी जहाँ पर।
छोडो नकल अब अकल से जीयो, जो कुछ पीना संभज के पीयो।
इतन रखना खब तुम ध्यान, घर आयें जब मेहमान।
इतनी तो रस्म निभाना, उनको भी कुछ कस्म दिलाना।
दूध जूस गाजर रस पीना, डाल कर छाछ में जीरा पुदीना।
अनानास आम का अमृत, बेदाना बेलफल का शरबत।

આત્મ મૂલ્યાંકન

એક છોકરો એક દુકાન પર ટેલિફોન કરવા માટે ગયો. તેણે નંબર ડાયલ કર્યો. સામે કોઈ સ્ત્રીનો અવાજ હતો.

છોકરો : હેલો, મેડમ, હું તમારા બગીચાની સાફસફાઈ કરી આપીશ. જો આપ મને તમારે ત્યાં નોકરી પર રાખશો તો.

સ્ત્રી : ના, અમારે જરૂરત નથી, અમારે ત્યાં એક છોકરો આવે છે અને તે બગીચાની સફાઈ કરી આપે છે.

છોકરો : મેડમ, હું તમને તેનાથી અડધી કિંમતમાં કામ કરી આપીશ.

સ્ત્રી : ના, અમે એના કામથી સંતુષ્ટ છીએ અને અમારે બીજા માણસની જરૂરત નથી.

છોકરો : મેડમ, હું બગીચાની સાથે તમારી સીડી અને આગળનો રૂમ મફતમાં સાફ કરી આપીશ.

સ્ત્રી : ના, અમને જરૂરત નથી, તમારો આભાર.

આ સાથે છોકરાએ ફોન મૂકી દીધો. આ વાર્તાલાપ પેલો દુકાનદાર સાંભળી રહ્યો હતો. તેણે તે છોકરાને કહ્યું મને તારી વાત ગમી હું તને મારે ત્યાં કામ પર રાખી લઉં છું. તું મારા બગીચાની સફાઈ કરી આપજે.

છોકરાએ કહ્યું : ના, મારે જરૂરત નથી. દુકાનદારે કહ્યું : હમણાં તો તું પેલી સ્ત્રીને કહી રહ્યો હતો કે તારે કામ કરવું છે. છોકરાએ કહ્યું એ સ્ત્રીને ત્યાં જે છોકરો કામ કરે છે એ હું જ છું. લોકો મારા કામથી સંતુષ્ઠ છે કે નહીં તેની હું ખાત્રી કરતો હતો. આને કહેવાય આત્મ મૂલ્યાંકન. સ્વપ્ન અને ધ્યેય વચ્ચેનો તફાવત. સ્વપ્ન જોવા માટે ગાઢ નિંદ્રા જોઈએ જ્યારે ધ્યેય પ્રાપ્ત કરવા ઊંઘ્યા વગરના પ્રયત્નો જોઈએ. પોતાની જાતનું મૂલ્યાંકન કરતા રહો.

બાલ પાટીદાર...

ગણિત ગમ્મત

સત્યેન લીંબાણી
પેટલાદ

પ્રાકૃતિક સંખ્યા '૯'ની કમાલ

૦ × ૯ + ૧ = ૧
૧ × ૯ + ૨ = ૧૧
૧૨ × ૯ + ૩ = ૧૧૧
૧૨૩ × ૯ + ૪ = ૧૧૧૧
૧૨૩૪ × ૯ + ૫ = ૧૧૧૧૧
૧૨૩૪૫ × ૯ + ૬ = ૧૧૧૧૧૧
૧૩૪૫૬ × ૯ + ૭ = ૧૧૧૧૧૧૧
૧૩૪૫૬૭ × ૯ + ૮ = ૧૧૧૧૧૧૧૧
૧૩૪૫૬૭૮ × ૯ + ૯ = ૧૧૧૧૧૧૧૧૧
૧૩૪૫૬૭૮૯ × ૯ + ૧૦ = ૧૧૧૧૧૧૧૧૧૧

૯ × ૦ + ૮ = ૮
૯ × ૯ + ૭ = ૮૮
૯ × ૯૮ + ૬ = ૮૮૮
૯ × ૯૮૭ + ૫ = ૮૮૮૮
૯ × ૯૮૭૬ + ૪ = ૮૮૮૮૮
૯ × ૯૮૭૬૫ + ૩ = ૮૮૮૮૮૮
૯ × ૯૮૭૬૫૪ + ૨ = ૮૮૮૮૮૮૮
૯ × ૯૮૭૬૫૪૩ + ૧ = ૮૮૮૮૮૮૮૮
૯ × ૯૮૭૬૫૪૩૨ + ૦ = ૮૮૮૮૮૮૮૮૮

'૯' ને કોઈ પણ સંખ્યા વડે ગુણતા જવાબના અંકોનો સરવાળો એક અંક સુધી લેતા તે પણ '૯' જ આવશે. જેમ કે,

૯ × ૫૪૩ = ૪૮૦૬
૪ + ૮ + ૦ + ૬ = ૧૮ − ૧ + ૮ = ૯
૯ × ૭૮૬ = ૭૦૭૪
૭ + ૦ + ૭ + ૪ = ૧૮ − ૧ + ૮ = ૯
૯ × ૧૨૩૪ = ૧૧૧૦૬
૧ + ૧ + ૧ + ૦ + ૬ = ૯

૧ × ૯ - ૧ = ૦૮
૨૧ × ૯ - ૧ = ૧૮૮
૩૨૧ × ૯ - ૧ = ૨૮૮૮
૪૩૨૧ × ૯ - ૧ = ૩૮૮૮૮
૫૪૩૨૧ × ૯ - ૧ = ૪૮૮૮૮૮
૬૫૪૩૨૧ × ૯ - ૧ = ૫૮૮૮૮૮૮
૭૬૫૪૩૨૧ × ૯ - ૧ = ૬૮૮૮૮૮૮૮
૮૭૬૫૪૩૨૧ × ૯ - ૧ = ૭૮૮૮૮૮૮૮૮
૯૮૭૬૫૪૩૨૧ × ૯ - ૧ = ૮૮૮૮૮૮૮૮૮૮

(૯-૧) /૮ = ૧
(૯૮-૨) /૮ = ૧૨
(૯૮૭-૩) /૮ = ૧૨૩
(૯૮૭૬-૪) /૮ = ૧૨૩૪
(૯૮૭૬૫-૫) /૮ = ૧૨૩૪૫
(૯૮૭૬૫૪-૪) /૮ = ૧૨૩૪૫૬

આજ રીતે આગળ લખી શકાય

નરોડાની નવાજૂની

દામુભાઈ ઘોઘારીનું પ્રમુખપદેથી રાજીનામુ

નવા પ્રમુખપદે દેવજીભાઈ લીંબાણીની વરણી

ગત ૩૦-૧-૨૦૧૧ના રોજ કચ્છ કડવા પાટીદાર સમાજવાડી, નરોડા, અમદાવાદ ખાતે નરોડા સમાજની કારોબારીની મીટીંગ યોજવામાં આવી હતી. જેમાં પ્રમુખશ્રી દામુભાઈ ઘોઘારીનું રાજીનામુ સ્વીકારી નવીન પ્રમુખ શ્રી દેવજીભાઈ લીંબાણીની વરણી કરવામાં આવી હતી.

આપણી સમાજમાં સ્વર્ણીમ મહોત્સવ પછી સતપંથ-સનાતન વિવાદ ખુલ્લી સપાટી ઉપર આવી ગયો. આ વિવાદને કારણે સમાજમાં સનાતન ધર્મી અને સતપંથ ધર્મી એમ બે સ્પષ્ટ ભાગ પડી ગયા. આ કારણે બંને પક્ષે સંબંધ રાખવાના કારણે નરોડા સમાજના પૂર્વ પ્રમુખ દામુભાઈ ઘોઘારીની આલોચના થઈ હતી. આ ઘટના પછી અમદાવાદની હોસ્ટેલની જમીન વેચાણ પછી પણ દામુભાઈની ટીકા થઈ હતી. શ્વેતપત્ર બહાર પાડ્યા પછી પરિસ્થિતિ કડક થઈ ગઈ હતી. આવા સમયે દહીં-દૂધમાં પગ રાખવા દામુભાઈ માટે શક્ય નહોતું. આથી ગત ૩૧-૧-૧૧ના રોજ યોજાયેલ સમાજની કારોબારીની મીટીંગમાં દામુભાઈ ઘોઘારીએ સ્વૈચ્છીક રીતે પ્રમુખપદેથી રાજીનામુ આપી દીધુ હતુ.

સમાજે પણ કોઈપણ જાતની આનાકાની વગર દામુભાઈનુ રાજીનામુ સ્વીકારી લીધુ હતુ. દામુભાઈના રાજીનામા પછી કારોબારી સભ્યોએ સર્વાનુમતે નિર્ણય લઈ ખજાનચી દેવજીભાઈ રામજીભાઈ લીંબાણીની નરોડા સમાજના પ્રમુખપદે વરણી કરી હતી. નરોડા સમાજની સ્થાપના પછી લખપત તાલુકાની કોઈ વ્યક્તિ નરોડા સમાજના પ્રમુખપદે આરૂઢ થઈ હોય તેવું પ્રથમ વખત બન્યું છે. દેવજીભાઈ લીંબાણી કચ્છમાં ઘડુલી ગામના વતની છે.

નરોડા સમાજમાં વર્તમાન હોદ્દેદારો આ પ્રમાણે છે.

ટ્રસ્ટીશ્રી : વિશ્રામભાઈ ખીમજીભાઈ ભાવાણી
પ્રમુખશ્રી : દેવજીભાઈ રામજીભાઈ લીંબાણી
ઉપપ્રમુખશ્રી : વિઠ્ઠલભાઈ રામજીભાઈ લીંબાણી
મહામંત્રી : નાનજીભાઈ હંસરાજભાઈ છાભૈયા
મંત્રીશ્રી : વસંતભાઈ કેસરાભાઈ છાભૈયા
ખજાનચીશ્રી : ગીરીશભાઈ અમૃતભાઈ ખેતાણી
સહખજાનચીશ્રી : અરવિંદભાઈ અબજીભાઈ ભગત
કારોબારી સભ્યશ્રીઓ :
વિઠ્ઠલભાઈ ડાહ્યાભાઈ છાભૈયા
રણછોડભાઈ નાનજીભાઈ પોકાર (સી.એ.)
પ્રવિણભાઈ હરિભાઈ લીંબાણી
હરિભાઈ પરબતભાઈ ઘોઘારી
કો.ઓ. સભ્યશ્રી : કાન્તીલાલ ધનજીભાઈ છાભૈયા

હાસ્ય કણીકા

• એક ભાઈએ દૂરથી એક બોર્ડ થાંભલા પર ઊંચે લગાડેલું જોયું. તે પાસે ગયા, પરંતુ એ બોર્ડ પર લખેલા અક્ષરો બહુ નાના હતા એટલે એમને બરાબર વંચાયું નહીં. છેવટે બોર્ડ વાંચવા એ ભાઈ થાંભલે ચઢી ગયા ! ઉપર ચઢીને એમણે જોયું તો બોર્ડમાં એવું લખેલું કે 'થાંભલો તાજો રંગેલો છે, અડવું નહિ.'

• દુનિયા તમારી નોંધ લે, તમને જોઈને ચોકી ઊઠે એવું ઈચ્છો છો ? સહેલું છે યાર ! હાથી પર શીર્ષાસન કરો, ફોટો પડાવો ને પછી ઊંધો લટકાવી દો. પછી જોઈ લો મજા!!

દેશ માટે જીવ આપી દેનારા શહીદોના બલિદાનનું ઋણ ચૂકવવાનું આખા દેશે કરવા જેવું કામ સુરતના આ દેશસેવકો કરી રહ્યા છે...

દેશ 'સેવા' એટલે આ...

સરહદે લડતો-લડતો કોઈ વીર સુપુત્ર દુશ્મનની ગોળી કે બૉમ્બના હુમલાથી શહીદ થાય છે ત્યારે દેશને મોટી ખોટ જાય છે. એથીય મોટી ખોટ એના પરિવારને જાય છે. દેશ માટે તો એકની સામે એક હજાર લડનારા તૈયાર હોય છે, પણ જે પરિવારનો સપુત શહીદ થયો છે અને પરિવારને 'સંભાળનારો' બીજો કોઈ સપુત એ પરિવારમાં નથી હોતો. અત્યાર સુધી મોટે ભાગે એવું જ જોવા મળ્યું છે કે, દેશ માટે શહીદ થનારા સૈનિકો એના પરિવારના એક માત્ર સંતાન હોય છે. એટલું જ નહીં, એ સૈનિકનો પરિવાર અતિ ગરીબ પણ હોય છે. ત્યારે એ પરિવારનું કોણ ? એનો જવાબ 'સરકાર' જ હોય છે. તેમ છતાં, શહીદોના પરિવારોને સરકારી સહાય માટે દર-બદર ભટકવું પડે છે એય કયાં અજાણ્યું છે ? વર્ષો વીતી જાય છે, બધાં ભૂલી જાય છે અને માત્ર દેશભક્તિનાં ગાણાં કે સ્મૃતિ ચિહનોથી પેટ નથી ભરાતું એ પણ એટલું જ જાણીતું છે. ત્યારે સુરત શહેરમાં 'જય જવાન નાગરિક સમિતિ' નામની એક સંસ્થા છેલ્લા એક દસકાથી શહીદોના નોંધારા પરિવારજનોને સંભાળવાની નક્કર દેશ સેવા કરી રહી છે. સુરતમાં વધુ સક્રિય અને સેવાભાવી 'સૌરાષ્ટ્ર પટેલ સમાજ' સંચાલિત આ સમિતિ દર વર્ષે ગુજરાતમાં શહીદ થનારા દરેક જવાનની અમે જાતે શોધખોળ કરીએ છીએ. શકય હોય તો તેને સમિતિના ખર્ચે સુરત બોલાવીએ છીએ અથવા તો અમે સૌ ટ્રસ્ટીઓ રૂબરૂ જઈને ત્યાં સહાય આપીએ છીએ.' આ કાર્ય તો આખા દેશ માટે ગર્વરૂપ છે. ટ્રસ્ટી

સમિતિ દ્વારા અત્યાર સુધીમાં ૧૨૪ શહીદ સૈનિકોના પરિવારોને રૂપિયા ૧ કરોડ, ૮૩ લાખ, ૮૦ હજાર અને ત્રણસો રૂપિયાની રોકડ સહાય અર્પણ થઈ ચૂકી છે...

ગુજરાતના વતની અને દેશમાં ગમે ત્યાં ફરજ દરમ્યાન શહીદ થનારા સૈનિકો તેમજ ગુજરાતની ભૂમિમાં રક્ષા કાજે લોહી રેડી દેનારા કોઈ પણ રાજ્યના જવાનના પરિવારને નક્કર નાણાંકીય સહાયથી સન્માને છે. સરેરાશ દરેક પરિવારને દોઢથી બે લાખની રોકડ સહાય આપવામાં આવે છે. સમિતિના ટ્રસ્ટી કાનજીભાઈ ભાલાળા જણાવે છે કે, 'સમિતિ દ્વારા અત્યાર સુધીમાં ૧૨૪ શહીદ સૈનિકોના પરિવારોને રૂપિયા ૧ કરોડ, ૮૩ લાખ, ૮૦ હજાર અને ત્રણસો રૂપિયાની રોકડ સહાય અર્પણ થઈ ચૂકી છે. સુરેશભાઈ પટેલ તથા દેવચંદભાઈ કાકડિયા જણાવે છે કે, 'કમનસીબે, આ કાર્યની રાષ્ટ્રીય સ્તરે જેટલી લેવાવી જોઈએ તેટલી નોંધ નથી લેવાઈ.' અત્યાર સુધીમાં શહીદોના પરિવારોને આપવા માટે કોઈ દાતા પાસેથી દાન પણ લેવામાં નથી આવ્યું. સરકારથી પણ કદાચ વધુ કામ આ 'જય જવાન નાગરિક સમિતિ' કરી રહી છે. પરંતુ આ કાર્ય કરવામાં સરકારની કોઈ સહાય મળે છે ખરી? જવાબમાં કાનજીભાઈ ભાલાળા કહે છે કે, 'હજુ સુધી એવી કોઈ પરોક્ષ સહાય પણ મળી નથી.'

નવાઈની વાત તો એ છે કે, સરકાર તરફથી આ સમિતિને કોઈ પ્રોત્સાહનનો બે લીટી લખેલો પત્ર પણ નથી મળ્યો. એટલું જ નહીં, જે-જે સૈનિકો શહીદ થાય છે તેના વિશેની સંપૂર્ણ માહિતી પણ સમિતિના સભ્યો જહેમત ઉઠાવીને શોધી લાવે છે. ત્યારે સવાલ એ થાય છે કે, રાજ્ય અને જિલ્લાના 'સૈનિક કલ્યાણ બોર્ડ' કરે છે શું ? નાગરિક સમિતિ, આ બોર્ડના અધિકારીઓને દસ વર્ષથી આમંત્રણ પણ આપે છે, એ લોકો દર્શકો થઈને આવે છે અને ચાલ્યા જાય છે. આ સમિતિના દરેક કાર્યક્રમોમાં નિયમિત હાજર રહેતા સુરતના રત્નકલાકાર મનસુખભાઈ હિરપરા સરકારને મેણું મારતાં કહે છે કે, 'રાજ્ય સૈનિક કલ્યાણ બોર્ડ'નું પાટીયું ખરેખર તો નાગરિક સમિતિના દરવાજે લાગી જવું જોઈએ. કારગીલ યુદ્ધમાં ગુજરાતના જે બાર સૈનિકોએ શહાદત વહોર્યા હતા, તેને આ સમિતિએ વિશિષ્ટ રીતે બિરદાવ્યા હતા. એ તમામ ૧૨ પરિવારોના ઘરે સમિતિના સભ્યોએ રૂબરૂ જઈને તમામને ચાર-ચાર લાખની સહાય અર્પણ કરી હતી. આવી જ બીજી ઘટનામાં કચ્છના ભૂકંપમાં ભૂજ ખાતેના ઍરફોર્સ ભવન ધરાશયી થતાં કુલ ૩૨ જવાનો ચગદાઈ ગયા હતા. આ ૩૨ જવાનો દેશનાં ૨૨ રાજ્યોના હતા. સમિતિએ એ તમામને પોતાના ખર્ચે સુરત તેડાવી એ તમામને દોઢ-દોઢ લાખની સહાય આપીને દુઃખમુકત કર્યા હતા. અક્ષરધામ ઉપર થયેલા આતંકવાદી હુમલાની વાત હોય કે અન્ય કોઈ, અનેક ઘટનાઓમાં દેશ કાજે શહીદ થનારા જવાનોના પરિવારોને આ સમિતિ બિરદાવે છે, કદર કરે છે. પરંતુ નોંધારા પરિવારને અઢળક પૈસા આપી દેવા ખાતર આપી પણ નથી દેવાતા. સમિતિની સેવા કરવાની 'સ્ટાઈલ' પણ હટકે છે. કાનજીભાઈ ભાલાળા જણાવે છે કે, 'મોટે ભાગે શહીદ થનારા સૈનિકો યુવાન હોય છે. મોટે ભાગે તેમના લગ્ન અને શહાદત વચ્ચે લાંબો ગાળો પણ નથી હોતો. આથી શકય છે કે, શહીદની પત્ની પુનઃ લગ્ન કરી લે.' કાનજીભાઈ આગળ કહે છે કે, '.. અને આમેય બીજા લગ્ન કરી લે કે પિયર ચાલી જાય તો શહીદના ગરીબ મા-બાપનો આધાર શું ? કાનજીભાઈ ઉત્સાહ સાથે કહે છે કે, 'આથી જ અમે સૈનિક દીઠ બે લાખની સહાયમાં એક લાખનો ચેક શહીદની વિધવાને આપીએ છીએ અને એક લાખ રૂપિયા સૈનિકના મા-બાપને આપીએ છીએ. સમિતિ, શહીદના પરિવારને સ્ટેજ ઉપર દસ મિનિટ સુધી સાથે રાખીને એમનો સંપૂર્ણ પરિચય, સૈનિકના બલિદાન અને વર્તમાન સ્થિતિની વિગતો લોકોને જણાવે છે. એટલું જ નહીં, પરિવારને શાલ, પુસ્તક અને સ્મૃતિ ભેટ પણ આપવામાં આવે છે. સુરત અને સૌરાષ્ટ્રમાં લગભગ મોટા સમારોહનું સ્ટેજ સંચાલન કરતા કાનજીભાઈ ભાલાળા પોતાની વિશિષ્ટ શૈલીથી જે રજૂઆત કરે છે તેનાથી હાજર કોઈની પણ આંખ આંસું વગરની રહેતી નથી. એટલું જ નહીં, આ કાર્યક્રમનો માહોલ પણ સંપૂર્ણપણે દેશભક્તિમય હોય છે. શહીદોની તસવીરો સામે શહીદો જેટલા દીવડા પેટાવેલા હોય છે. આવનારા દરેક તેને સલામ-નમન કરતા જાય છે. આવનારા અને આયોજકો તમામ માટે સફેદ રંગનો ડ્રેસ કોડ ફરજિયાત રાખવામાં આવે છે. તમામ પરિવારોને રોકાણ-જમવાની પણ સુંદર વ્યવસ્થા હોય છે. પોતાને કાર્યકરો તરીકે ખપાવતા આ બધા જ આયોજકો સુરત શહેરના મોટા-મોટા ઉદ્યોગપતિઓ છે. તેઓ સમય અને નાણું આપીને આખા દેશે કરવા જેવું કામ એકલે હાથે કરી રહ્યા છે એ વંદનીય છે. આ ફંડ માટે પોતાના આખા દિવસની કમાણી આપી દેનારા સામાન્ય રત્નકલાકારોને પણ સૈનિકો જેવી જ સલામ મારવી રહે....!

- **અજય કાનાણી**(ચરખા-વિકાસલક્ષી ફીચર્સ)

ઈતિહાસની અટારીએથી...

ભુજિયાનું યુદ્ધ

વિક્રમની અઢારમી સદીનાં અંતિમ દશકાની શરૂઆત થઈ ચૂકી હતી. દિલ્હીમાં મોગલ સામ્રાજ્યનાં અંતની શરૂઆત હતી. દિલ્હીનાં હાથ નીચે જે પ્રાંતો હતા તેમાંનાં કેટલાકે પોતાની સ્વતંત્રતા જારી કરી હતી. અફડાતફડી અને અફવાઓનાં વાતાવરણ વચ્ચે દિલ્હીનાં બાદશાહ મહમદશાહ પાસે ખબા પહોંચ્યાં કે કચ્છની બાજુનાં સિંધ પ્રદેશ કચ્છના જાડેજા રા'દેશળજી પોતાના હસ્તક કરવાની કોશિષ કરી રહ્યા છે.

સિંધનો પ્રદેશ દિલ્હીની હકૂમત નીચેથી ચાલ્યું જાય તો ખૂબ તકલીફ થાય એટલે બાદશાહે શેર બુંદલખાનને ગુજરાતનો સુબો નિમ્યો. આ બુંદલખાન અસરમાં ઈરાનનાં બાદશાહનો તોફાની શાહજાદો હતો અને તેને કચ્છ પર ચડાઈ કરી કચ્છ રાજ્યને જીતી લેવાનો હુકમ કરાયો.

શેર બુંદલખાન દિલ્હીથી જ લશ્કર તૈયાર કરીને ગુજરાતમાં અમદાવાદ આવ્યો અને ત્યાંથી કચ્છ પર ચડાઈ કરવાની તૈયારી કરવા લાગ્યો. કચ્છની ધીંગી ધરા પ્રથમથી જ મનસ્વી, મનમોજી તથા મનની મસ્તીમાં મસ્ત રહી છે. કોઈની પાસે માથું નમાવવાનું તે શીખી જ નથી.

કવિ કાન્તિ વડોદરિયા કહે છે કે,

'વેરાનની મસ્તાની સુતા સમી, વસુંધરા વીરજનુની કચ્છની'

દિલ્હીનાં બાદશાહે અગાઉથી જ માફ કરેલ ખંડણી તરત જ ભરવાનું ફરમાન શેર બુંદેલખાને કચ્છ રાજ્યને કર્યું. દેશળજી બાવાએ સૂબાના આ ફરમાનને ફગાવી દીધું. આથી કચ્છનાં વટ્ટને ઉતારવાનાં બહાના હેઠળ શેર બુંદેલખાન મોટા લશ્કર સાથે કચ્છ પર ચડી આવ્યો. રા'દેશળજીને આ ખબર મળતાં જ તેમણે કચ્છનાં તમા ભાયાતો તથા પ્રજાનાં લડાયક વર્ગોનાં આગેવાનોને પરવવેગી કચ્છી સાંઢણીઓ મોકલી તાબડતોબ ભૂજ બોલાવ્યા અને ચર્ચા વિચારણા કરવા લાગ્યા કે આ આફત સામે શા પગલાં લેવા? બધાનાં વિચારમાં જે રાઓસાહેબ કરે તે જ યોગ્ય હતું. આ પરથી લશ્કરનો સામનો કરવા માટે રાઓસાહેબે બધાને જણાવ્યું ને સૌ પોતપોતાનાં લશ્કર સાથે ભુજ આવવા લાગ્યાં.

કચ્છનાં ખૂણેખૂણેથી જવાંમર્દ જાડેજાઓ, ગજાણ, સૂમરા, સાડ, મિયાણાઓ, સમા, બલોચ, અબડા, વાઘેલા, જાડા, બુટા અનેક કોમનાં શુરવીરો ભેગા થયાં. કહે છે 'ઈ તરા અસંખ ઉલટેયા આયા, માંહી નગર નર તુરિ ન માયા' આમ કચ્છનાં લડાયક વીરો માતૃભૂમિનાં રક્ષણ માટે ધસી આવ્યા.

શેર બુંદેલખાન પોતાના સૈન્ય સાથે ધસી આવ્યો ને ભુજિયા નજદીક માધાપર પાસે તેણે પોતાનો પડાવ નાખ્યો. બુંદેલખાનનાં સૈન્યની સંખ્યા પણ ઘણી વિશાળ હતી જેના પ્રમાણમાં કચ્છી લશ્કરનું સંખ્યાબળ ઓછું હતું. બુંદેલખાનનાં હુકમથી એના સૈન્યે

આક્રમણ શરૂ કરી દીધું અને દારૂણ યુદ્ધ જામી ગયું. કચ્છી વીરો બહાદુરથી લડતા રહ્યા. પરંતુ સંખ્યાબળમાં તેઓ ઓછા પડતા હતા. આખા દિવસના અંતે સુબાના સૈન્યે ભુજિયાનાં ઉગમણાં બુરજો તથા ભૂંજાગરો કોઠો પણ જીતી લીધો. આ તરફ ભુજ શહેરમાં નવી જ જાતની લડાઈ જામી હતી.

વિજયનાં રંગમાં મસ્ત બનેલા બુંદેલખાનનાં સૈન્ય પર તો જાણે વિજળી પડી. નગ્ન શરીરવાળા નાગા તરવારિયાની પલટનને જોઇને જ ડઘાઇ ગયા-હેબતાઇ ગયા. પ્રચંડ કાયાવાળા વજ્રાંગી નાગાબાવા બુંદેલખાનનાં સૈન્યનો સંહાર કરતાં મદોન્મત હાથીની જેમ શાહી લશ્કરમાં ઘુમવા લાગ્યા.

જયપુરથી આવી રહેલ નાગાબાવાઓની એક જમાત સિંધમાં આવેલ હિંગળાજ પરસવા-દર્શન કરવા જઈ રહી હતી. હિંગળાજની જાત્રાએ જનાર સાધુ સંતોને કચ્છ રાજ્ય તરફથી સીધાની સામગ્રી વગેરે પૂરી પાળવામાં આવતી. આ બાજુ યુદ્ધ શરૂ થઈ ચૂક્યું હતું અને બીજી તરફ સીધાની સામગ્રાની ઘી ઓછું મળવાથી નાગાબાવાના મહંત ધમાલ મચાવતા હતા ને વધુ ઘી ની માંગણી કરી રહ્યા હતા.

ઘી ની માંગણીને કારણે રાજ્યનો મોદી ધુંધવાઈ જઈને બોલી ઉઠ્યો, 'બાપજી, તમને તો કચ્છના રાજાનું ઘી ખાઈને તમારી ફાંદ વધારવાની પડી છે, પણ કચ્છનો રાજા તો ભુજિયા પર હેલા લોહીથી પરેશાન છે. જો રાજ જ નહીં રહે તો તમને ખાવાનું યે આ બુંદેલખાનનાં રાજમાં નહીં જડે!'

મોદીના આ શબ્દોએ મહંત પર જાણે ચાબખાનો ઘા કર્યો પોતાની વાતો નતમસ્તક સાંભળનારી વ્યક્તિએ આવી આકરી ભાષામાં પોતાની સાથે વાત કરી! એનું

ઉન્મત્તપણું બધું જ ઓસરી ગયું. પોદીના મહેણાએ મહંતની આંખો ખોલી નાખી. ઘીની તકરાર પડતી મૂકીને મહંત તે જ વખતે અખાડામાં પાછો ફર્યો ને પોતાની આખી જમાતને ભેગી કરીને પડકાર ફેંક્યો,

'બાવા ચેંતા બેલી, પાંજા ભેણ ન કો ભા;

ખણી ગિનોં હથિયાર હથેં મેં, ડિસે ડેસર રા.'

આ શબ્દોથી નાગા બાવાની જમાતમાં એકદમ ઝનુન ઉભરાઇ આવ્યું. રા'દેશળજીને આની જાણ થતાં શસ્ત્રોનાં ખડકલાં કરી દેવામાં આવ્યા ને લઠ્ઠ પઠ્ઠ શરીરવાળા નાના મોજા હજાર નાગા બાવા તલવારોને ભાલા હાથમાં લઇને નીકળી પડ્યા. આખી જમાત ખુલ્લા શરીરે ભભૂતી ભૂંસી, આડબંધ ખેંચી, શંખનાદને તૂઇને નગારાનાં મોટા અવાજો કરતી ઝબકારા કરતી તલવારો લઇને 'હર હર મહાદેવ'નાં ગગનભેદી નાદ કરતી શેર બુંદેલખાનનાં સૈન્ય પર તૂટી પડી. વિજયના રંગમાં મસ્ત બનેલા બુંદેલખાનનાં સૈન્ય પર તો જાણી વીજળી પડી. નગ્ન શરીરવાળા નાગા તરવારિયાની

*** રોહાના દરબારગઢના ડુંગરી કિલ્લા પર પાણીનાં બે મોટા ટાંકા બંધાવનાર આ જિયાજી હતા. ભુજીયાની લડાઇમાંથી ઘાયલ થઇને જિયાજી રોહે આવ્યા અને છ માસ લગી લડાઇના જખ્મોથી પીડાઇને દેશ થયા. સૂબા પાસેથી એમને છીનવી લીધેલી તલવાર ભુજીયાનાં વિજયનાં સ્મરણચિહ્‌ન તરીકે આજે પણ રોહા જાગીરમાં જળવાઇ રહી છે.**

પલટનને જોઇને જ ડઘાઇ ગયા, હેબતાઇ ગયા. પ્રચંડ કાયાવાળા વજાંગી નાગાબાવા બુંદેલખાનનાં સૈન્યનો સંહાર કરતાં મદોન્મત હાથીની જેમ શાહી લશ્કરમાં ઘુમવા લાગ્યા. મૃત્યુની પરવા કર્યા વિના ઝઝૂમી રહેલા નાગા બાવાનું ઝનુન જોઇ કચ્છી લશ્કરમાં પણ નવું જોમ આવી ગયું. જાડેજ ભાયાતો અને મિયાણા મર્દોએ મોરચો સંભાળીને સૂબાનાં સૈન્યની કત્લેઆમ કરવા લાગ્યા. બીજી બાજુ રાજકારણની રમતોએ પણ આખી બાજી પલટી નાખી. શેર બુંદેલખાન આમ તો અગાઉ બે વખત નિષ્ફળ પ્રયત્ન કરીને કચ્છનાં રણને પાર ન કરી શકતા ચૂપચાપ પાછો ભાગી ગયો હતો. એને રસ્તો દેખાડનાર કટારિયાના ઠાકોર કાંયાજી હતા.

અગાઉ કચ્છના ગાદીપતિ તરીકે પિત્રાઇ ભાઇ કાંયાજીનાં હક્ક છીનવાઇ જતા કાંયાજી બુંદેલખાનને મદદ કરી કચ્છની ગાદી પર આવવા માંગતા હતા. એમના કુંવર અલિયાજી પોતાના પિતાની રાજ્ય વિરોધી પ્રવૃત્તિથી નારાજ હોઇ કચ્છ રાજ્યને મદદ કરવા ભુજ આવ્યા હતા. આવે વખતે ગુંદાળાનાં એક દેશપ્રેમી વૃદ્ધ ઠાકોર મોડજી આ ઊંમરે પણ મારતે ઘોડે આવી કાંયાજીને મીઠો ઠપકો આપી આ અવિચારી કૃત્ય માટે સમજાવવા લાગ્યા. વતનપ્રેમને કુટુંબપ્રેમની લાગણી જાગૃત થતાં કાંયાજી સુબાનો સાથ છોડી વિદાય ગયા.

આ જ સમયે રોહા જાગીરનાં ટિલાયત જિયાજી જે કચ્છનાં વિરોધી હતાં તેમણે પણ દેશળજીનો સંદેશો મળતાં અંગત વેરઝેર દેશપ્રેમ માટે ભૂલી જઇ લશ્કર તૈયાર કરી નીકળી પડ્યા ને એકદમ ભૂજ પહોંચ્યા. ભુજિયા પર પહોંચ્યા ને નાગા બાળાઓનું

પરાક્રમ જોઈ એકદમ ઉત્તેજીત થઈ ગયા. જિયાજીને તો યુદ્ધ મેદાનમાં શેર બુંદેલખાન સાથે ટક્કર થઈ જતાં તેમણે લડાઈમાં સુબાની તલવાર છીનવી લીધી.*

હવે કચ્છી લશ્કરે બુંદેલખાનનાં સૈન્યને ચારે તરફથી ઘેરી લીધું. એમાં કાંયજી વગર એકલો પડેલો બુંદેલખાન હવે ગભરાયો. ગુજરાતનો શેર બકરી જેવો બની ગયો. સૂબાનાં લશ્કરે રણમેદાનથી દૂર લાખોંદ પાસે પવા નાખ્યો. અહીં પણ મિયાણાઓએ આક્રમણ કરી છાવણી લૂંટી. રણને કિનારે આડેસર પાસે સૂબાના લશ્કરને ચણાના બદલે એરંડા પર ખાંડનો ગલેફ ચડાવી ખવડાવી દીધો તેનાં આખું લશ્કર હેરાન થઈ ગયું.

આમ આવી રીતે સં. ૧૭૮૫નાં શ્રાવણ સુદ -૫ના રોજ કચ્છ રાજ્યનો સંપૂર્ણ વિજય થયો. આની યાદમાં એ દિવસે આખા કચ્છમાં અને ભુજમાં વિજયોત્સવ મનાવવામાં આવ્યો. બધા યોદ્ધાઓને સંપૂર્ણ માનપાનથી ભુજિયાનાં કિલ્લા પરથી ગામમાં લઈ આવવા માટે રા'દેશળજી પોતાના તમામ લશ્કર, રાજરસાલો, અમીરઉમરાવો, સાથે વાજતે ગાજતે ભુજિયા પર પધાર્યા. ત્યાં ક્ષેત્રપાળ પર બલિવિધાન કરી એ વિજય યોદ્ધાઓને ગામમાં લઈ આવ્યા અને સાંજે ભુજિયા પર આખા ગામનો મેળો ભરાયો. આજે પણ આ વિજયદિનની યાદમાં ભુજિયા પર નાગપાંચમીનાં દિન દર વર્ષે મેળો ભરાય છે.

લેખન-સંકલન-નવીન પટેલ

(સંદર્ભ માહિતી : લોકકથા, દુલેરાય કારાણીનું પુસ્તક 'કચ્છની રસધાર')

જીવન સૌરભ

લાલબહાદુર જ કેમ...?

લાલબહાદુર શાસ્ત્રીજીના બાળપણની એક ઘટના છે. એક દિવસ તેઓ વિચારવા લાગ્યા કે કુટુંબમાં બધાનું નામ પ્રસાદ અને લાલ ઉપરથી છે પરંતુ માએ મારું નામ 'બહાદુર' કેમ પાડયું હશે.?

બાળક મા પાસે ગયો અને બોલ્યો 'મા! મારું નામ લાલબહાદુર કેમ પાડયું? આપણે ત્યાં તો કોઇનું નામ બહાદુર ઉપરથી નથી? આપણા સગાં-વહાલાંઓમાં પણ તો બધાનાં નામ લાલ કે પ્રસાદ જ છે, તો પછી મારું નામ આટલું ખરાબ કેમ? મને આ નામ નથી ગમતું.

પાસે જ બેઠેલા એમના મામાએ કહ્યું : ''કેમ? જો, પ્રયાગરાજના ખ્યાતનામ વકીલ છે ને તેજ બહાદુર.'' ત્યારે માતા રામદુલારીદેવસ હસ્યાં અને કહયું : ''તમારા બનેવીએ નાનકાનું નામ 'વકીલ બહાદુર' બનવા માટે ન હોતું રાખ્યું પરંતુ એમણે 'કલમ બહાદુર' બનવા માટે રાખ્યું હતું અને મેં મારા નાનકાને 'કરમ બહાદુર' બનાવવા માટે જ એનું નામ 'લાલ બહાદુર' પાડયું છે. મારો લાલ 'બહાદુર' બનશે પોતાની હિંમત અને સાહસનો...''

અને આટલું કહેતાં કહેતાં એમની આંખોમાં અશ્રુ આવી ગયાં. પતિની સ્મૃતિ એમના માનસપટલ પર છવાઇ ગઇ. એમણે પોતાના 'લાલબહાદુર'ને ખોળામાં બેસાડીને અનેક આશિષ આપી દીધા. આ જ આશીર્વાદ એમને જેલ-જીવનની યાતનાઓ તથા કૌટુંબિક સમસ્યાઓમાં પણ એમનું સાહસ વધારતા રહ્યા. માતાના આશીર્વાદ ફળ્યા અને ઈતિહાસ સાક્ષી છે કે તેઓ કેટલીક સહનશીલતા, શાલીનતા, વિનમ્રતા, હિંમતમાં કેટલા બહાદુર થયા. એમનાં ધૈર્ય, સાહસ, સંતોષ અને ત્યાગ અસીમ હતા.

બાલ્યાવસ્થા અત્યંત નાજુબ અવસ્થા હોય છે. એમાં બાળકોને તમે જેવાં બનાવવાં ઇચ્છતા હો એવાં તેઓ બની જશે. એ માટે જરૂર છે બસ સુસંસ્કારોના સિંચનની.

લાલબહાદુર એક વખત બાળમિત્રો સાથે મેળો જોવા જઇ રહ્યા હતા. એમની પાસે નાવિકને આપવાના પૈસા નહોતા. સ્વાભિમાનના ધણી 'લાલ' આ વાત કોઇને કેવી રીતે કહે. તેઓ ગંગાજીના ધસમસતા પ્રવાહમાં કૂદી પડયા અને તરીને જ સામે કિનારે પહોંચી ગયા! એક વખત લાલબહાદુર શાસ્ત્રી પ્રયાગરાજની નૈની જેલમાં હતા. ઘરે એમની પુત્રી પુષ્પા માંદી અને ગંભીર હાલમાં હતી.

મિત્રોએ એમના ઉપર દબાણ કર્યું કે 'તમે ઘરે જઇને પુત્રીની સારસંભાળ લો.' તેઓ રાજી પણ થઇ ગયા. એમની રજા (પેરોલ) પણ મંજૂર થઇ ગઇ પરંતુ એમણે

આવી રજાનો ઇનકાર કરી દીધો. કેમ કે એ અનુસાર એમણે લેખિત આપવાનું હતું કે તેઓ જેલની બહાર આંદોલનના સમર્થનમાં કંઇ નહિ કરે. એક બાજુ પુત્રી જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાવા લાગી હતી, બીજી બાજુ શાસ્ત્રીજી પોતાના સ્વાભિમાન પર દ્રઢ હતા. આખરે જિલ્લાધીશ એમની નૈતિક, ચારિત્રિક દ્રઢતાથી એટલો પ્રભાવિત થયો કે એણે એમને કોઇ પર શરત વિના જ રજા આપી દીધી.

શાસ્ત્રીજી ઘરે પહોંચ્યા પરંતુ એ જ દિવસે પુત્રીએ શરીર છોડી દીધું. શાસ્ત્રીજી અગ્નિસંસ્કાર કરીને પાછા આવ્યા. ઘરમાં કોઇને મળવા પણ ન ગયા, સામાન લઇને ઘોડાગાડીમાં બેસી ગયા. લોકોએ ઘણું કહ્યું કે, 'હજી તો પેરોલ ઘણી બાકી છે.' શાસ્ત્રીએ ઉત્તર આપ્યો કે 'હું જે કાર્ય માટે પેરોલ પર છૂટ્યો હતો એ પૂરું થઇ ગયું છે. આથી સિદ્ધાંતતઃ હવે મારે જેલ જવું જોઇએ.' અને તેઓ જેલ રવાના થઇ ગયા.!

આવા મહાન વ્યક્તિઓને કારણે જ ભારતે આઝાદી મેળવી હતી. આજના નેતાઓમાં આધ્યાત્મિકતાનો અભાવ જોવા મળે છે. આથી જ તેઓમાં ભ્રષ્ટાચાર, અને સ્વાર્થવૃત્તિ વધુ જોવામાં આવે છે. આ દેશને આજે લાલબહાદુર શાસ્ત્રી જેવા નેતાઓની તીવ્ર જરૂરીયાત છે. ક્યાં તો કૌભાંડી નેતાઓ અને કયાં સરદાર પટેલ, ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રી જેવા નેતાઓ...!

સંતવાણી

સ્વામી રામસુખદાસ

દૃશ્ય માત્ર અદૃશ્યમાં જઇ રહ્યું છે

એક ઘણી સીધી વાત છે. તેને બરાબર રીતે સમજી લઇએ તો સારી રીતે સાધન થઇ શકશે. જેમ કે ગંગાજીનો પ્રવાહ ચાલે છે, અને માની લીધું અને જાણી લીધું તો પછી કદી શંકા થશે નહિ કે પ્રવાહ ચાલે છે કે નથી ચાલતો. તો જેમ ગંગાજીનો પ્રવાહ ચાલી રહ્યો છે, તેમ સંસારનો પ્રવાહ ચાલી રહ્યો છે. આ બધે-બધો સંસાર નિરંતર અદૃશ્યની તરફ જઇ રહ્યો છે. આ દેખાનારું બધું હરપળે ન દેખવામાં જઇ રહ્યું છે. જે કાલે દેખાતું હતું તે આજે દેખાતું નથી. થોડો વિચાર કરીને જુઓ કે કાલે જે શરીર હતું તે આજે નથી. હરપળે બદલાઇ રહ્યું છે. આ રીતે દૃશ્ય પ્રતિક્ષણ અદૃશ્ય થઇ રહ્યું છે. સીધી સરળ વાત છે. શીખવાની કોઇ જરૂરત નથી. ચાહે માની લો, ચાહે જાણી લો. આ બધે-બધું જ જઇ રહ્યું છે. આમાં કોઇ સંદેહ હોય તો બોલો! જે દિવસે કોઇ મરી જાય છે તો કહે છે કે આજે તે મરી ગયો. પણ હકીકતમાં જે દિવસે જનમ્યો, તેદિવસથી તેનું મરવાનું શરૂ થઇ ગયું હતું અને તે મરવાનું આજે પૂરું થયું.

જે અવસ્થા હાલમાં છે, તે હરપળે થઇ રહી છે. ધનવાનપણું અને નિર્ધનપણું, માન અને અપમાન, આદર અને નિરાદર, બળપણું અને નિર્બળપણું, રોગીપણું અને નીરોગીપણું વગેરે જે પણ અવસ્થા છે, તે બધી થઇ રહી છે. હવે આમાં શું રાજી અને શું નારાજ થવું? આ વાતને સમજ્યા પછી આના પર દૃઢ રહેવું. હમણાં કોઇ આવીને કહે કે અમુક માણસ મરી ગયો, તો ભીતર ભાવ રહે કે નવી વાત કઇ થઇ ગઇ? જે પ્રતિક્ષણ બની રહી છે, તે જ તો છે. જો આમાં નવી વાત દેખાય છે તો દૃશ્ય હરસમય અદૃશ્યમાં થઇ રહ્યું છે – આ તરફ દૃષ્ટિ નથી, ત્યારે જ મરવાનું સાંભળીને ચિંતા થાય છે, મનમાં ચોટ લાગે છે. આ તો મૃત્યુલોક છે, મરવાવાળા ઓનો જ લોક છે. અહીં બધા મરવા માટે – મરવાવાળા રહે છે. મૃત્યુ સિવાય બીજું છે જ શું? પ્રત્યક્ષમાં જ બધું ફાંઇ અભાવમાં જઇ રહ્યું છે. આ વાતને બરાબર રીતે સમજી લો. જે જીવન છે, તે મૃત્યુમાં જઇ રહ્યું છે. અત્યાર સુધીમાં જેટલા દિવસ જીવી ગયા, તેટલા મરી જ ગયા; જીવી ગયા, તો આ વાત તો જૂઠી છે અને મરી ગયા આ વાત બિલકુલ સાચી છે. આ વાતને સમજવાની છે, યાદ નથી કરવાની.

હવે કહો કે જેટલા દિવસ જીવી ગયા તેમાં મરવાની ક્રિયા દેખાતી નથી. તો વિચાર કરો કે જો કાળા વાળ નથી મરતા તો આજે બાલ સફેદ કેવી રીતે થઇ ગયા? આપ કહેશો કે રૂપાંતરિત થઇ ગયા, તો મરવાનું શું થાય છે? રૂપાંતર જ તો થાય છે.

પહેલા જેવા જીવતા દેખાતા હતા, તેવા હવે નથી દેખાતા. અડધી ઉંમર આપની ચાલી ગઇ, તો અડધા મરી જ ગયા! અડધી ઉમર ચાલી ગઇ —આ વાત તો આપ માનો છો, પણ અડધા મરી ગયા – આ આપની સમજમાં આવતું નથી. પણ વાસ્તવમાં એક જ વાત છે. માત્ર શબ્દોમાં અંતર છે, ભાવમાં બિલકુલ અંતર નથી. સાંભળવામાં કડક તે માટે લાગે છે કે જીવવાની ઇચ્છા છે. પણ વાત સાચી છે. અડધી ઉમર ચાલી ગઇ – આ વાત ગમે છે, તો ગમેલી વાતને જ હું પાકી કરું છું. આટલું જ મારું કામ છે. હું કોઇ નવી વાત નથી શીખવતો. ત્રણ વાતો હોય છે – શીખેલી, માનેલી અને જાણેલી. તેને સાચી માની લો, સાચી જાણી લીધી – આટલું જ મારું કહેવાનું છે. પછી વાત હમેશાં જાગ્રત રહેશે. તેમાં સંદેહ નહિ થાય. તો જેટલી ઉમર વીતી ગઇ, તેમાં શંકા થાય છે શું? શંકા નથી થતી તો તેટલું મરી ગયા – આમાં શંકા કેવી રીતે રહી ગઇ? શરીર હરદમ જઇ રહ્યું છે, તો આ વાત બિલકુલ સાચી છે.

હું પોતાની વિતેલી વાત બતાવું કે જે દિવસે મને આ વાત સમજાઇ કે આ દશ્ય અદશ્યમાં જઇ રહ્યું છે, તો મને એટલી પ્રસન્નતા થઇ કે ઓહો! કેટલી માર્મિક વાત છે. કેટલી સુંદર વાત છે. હું ઠગાઇ કરતો નથી, જૂઠું બોલતો નથી. આપ થોડું ધ્યાન આપો કે શરીર મરવાની તરફ જઇ રહ્યું છે કે જીવવાની તરફ? બિલકુલ સાચી વાત છેકે એ તો મરવાની તરફ જઇ રહ્યું છે. દશ્ય અદશ્યની તરફ જઇ રહ્યું છે, તો આ મરવાની તરફ જઇ રહ્યું છે. મારા મનમાં વાત આવી કે બાળક પાઠ વાંચે છે તો તેને ક, ખ, ગ, ઘ એક વાર યાદ થઇ ગયા, તો પછી યાદ થઇ જ ગયા. પછી તેને પૂછો તો તરત જ બતાવી દેશે. યાદ નહિ કરવું પડશે. તો તેવી રીતે આપ પણ ચાલતા-ફરતા હરદમ યાદ કરી લો કે આ બધું જઇ રહ્યું છે. દશ્ય અદશ્યમાં જઇ રહ્યું છે. દર્શન અદર્શનમાં થઇ રહ્યું છે, આ રીતે આને હરહમેશ યાદ રાખો તો આપોઆપ આની અસર પડી જશે અને ઘણો ભારે લાભ થશે. બાળકની જેમ આ પાઠને શીખી લો. જેટલો સુખનો લોભ છે, જેટલો જીવવાનો લોભ છે, તેટલો આ વાતનો આદર નથી. લોભ અને આદર બે ચીજો છે. આ વાતનો આદર ઓછો છે, લોભનો આદર વધારે છે. આદર ઓછો છે, એ જ ભૂલ છે. તો આજથી જ આ વાતનો આદર કરો.

જરા હસો

ડૉક્ટર : તમારા બ્રેઈનનો એક્સ-રે રિપોર્ટ આવી ગયો છે. ૧૦ ગ્રામ માટી, ૧૦ ગ્રામ કાંકરા-પથ્થર, ૨૫ જાતના જીવજંતુઓ, ૫ ગ્રામ કરોળીયાઓનાં જાળાં અને ૫૦૦ ગ્રામ ભૂસું ભરેલું છે.

દર્દી : કમાલ છે, મને એમ કે ખાલી હશે.

★★★

મનિયા એ સલાહ લેવા પૂછ્યું : અલ્યા ટીનીયા જો જંગલમાં વાઘ આવી જાય તો મારે શું કરવું જોઇએ?

ટીનીયો : પછી તો જે કાંઇ કરવાનું છે તે વાઘ જ કરશે... તારે કંઇ કરવાની જરૂરત જ નહીં પડે.

★★★

ભિખારી : સાહેબ એક રૂપિયો આપોને.

સાહેબ : તને શરમ નથી આવતી રોડ ઉપર ભીખ માંગતા?

ભિખારી : અરે, તમારા એક રૂપિયા માટે શું ઓફિસ ખોલીને બેસું?

2011-02-15 -Patidar Bandhu (1390)




માનસિક તાણ

આજના યુગની આ સૌથી મોટી સમસ્યા છે. આજના યુગમાં માનવી માનસિક તાણથી પીડાતો હોય છે, કેમ કે તે સતત દોડી રહ્યો છે, અથવા તેને સતત દોડવું પડે છે કેમ કે જો તે દોડવાનું બંધ કરી દે તો તેના માટે અને તેના કુંટુંબ માટે સમસ્યા સર્જાઇ જાય. માટે તે દોડી રહ્યો છે. તેને આગળ નીકળી જવું છે અને આ આગળ નીકળવાની પેરવીમાં જ તે માનસિક તાણ અનુભવી રહ્યો છે અને આવા તનાવ ગ્રસ્ત લોકો શારીરિક કરતાં માનસિક તકલીફ વધુ સહન કરતાં હોય છે. જીવનમાં સુખ અને દુઃખ એમ બંને છે. જો કોઇ કહે કે જીવનમાં ફકત સુખ છે તો તે ખોટું છે અને કોઇ કહે કે ફકત દુઃખ છે તો તે પણ ખોટું છે. હકીકતમાં સુખ અને દુખ બંનેનું અસ્તિત્વ એક બીજાથી માણસ ચોવીસ કલાક હસતો રહે તો તે પણ ખોટું છે. હકીકતમાં સુખ અને દુઃખ બંનેનું અસ્તિત્વ એક બીજાથી માણસ ચોવીસ કલાક હસતો રહે તો તે પણ ખરાબ લાગે અને ચોવીસ કલાક આંસુ ટપકાવવા કહે તો તે પણ ખોટું છે. તેથી સુખ અને દુઃખ જીવનનો આનંદ છે. આમ ચિંતા અને સંતાપ વર્તમાન યુગની સૌથી મોટી સમસ્યા છે અને સ્થાનિક, માંસપેશીય માનસિક અને માનસિક તનાવને જન્મ આપે છે. તનાવ ગ્રસ્ત વ્યકિત અસ્ત વ્યસ્ત જીંદગી જીવે છે. તે માનસિક રોગથી પીડા પામતો હોય છે અને આવા લોકો જીવનનો વાસ્તવિક આનંદ ઉઠાવી શકતા નથી. આ સંદર્ભમાં આપણે એ વિચારવું જોઇએ કે મનુષ્ય આટલો ચિંતાગ્રસ્ત કેમ રહે છે. ચિંતા બે પ્રકારની હોય છે. એક તો સાર્થક અને બીજી નિરર્થક મોટે ભાગે વ્યકિતઓ નિરર્થક ચિંતાઓ કર્યા કરતાં હોય છે અને તનાવોને જન્મ આપે છે. આ ચિંતાના મૂળમાં જઇએ તો તે છે પરિસ્થિતિઓ, ભય પ્રતિક્રિયા અને અહમ.

વિપરીત પરિસ્થિતિ :- વ્યકિતત્વના નિર્માણ માટે વિપરીત પરિસ્થિતિઓ હોવી ખૂબ જરૂરી છે. જીવનમાં જેટલું મહત્વ પાણીનું છે તેટલું જ મહત્વ અગ્નિનું છે જેટલું મહત્વ તાપનું છે તેટલું જ છાપાનું છે. જેટલું મહત્વ દિવસનું છે તેટલું રાતનું પણ છે. સફળ વ્યકિત એ છે કે જે દરેક પરિસ્થિતિમાં હર હંમેશ લાભ ઉઠાવી શકવા સક્ષમ હોય જે તેને મળેલ પરિસ્થિતિથી સંતોષ ન પામે. તેની સમક્ષ ગમે તેવી પરિસ્થિતિ હોય તેમ છતાં તેને સંતોષ ન થાય તો તેવા વ્યકિત હરહંમેશ દરિદ્ર બની રહેતો હોય છે. દુર્બળ વ્યકિત જયાં પરિસ્થિતિઓને દોષ આપતાં હોય છે તો શકત વ્યકિત પરિસ્થિતિઓ મુજબ પોતાની જાતને ઢાળવા પ્રયત્ન કરે છે ઘટના પ્રતિ પોતાનો દૃષ્ટિકોણ બદલીને તેનો યોગ્ય રીતે સામનો કરવો જરૂરી છે. તે જ શ્રેષ્ઠ ઉપાય છે.

આ સંદર્ભમાં ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણન સાથે બનેલી ઘટનાને યાદ કરવા જેવી છે તે સમયે તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણન અમેરિકાના પ્રવાસે જવા નીકળ્યા હતાં. તેઓ વોશિંગ્ટન પહોંચ્યા પણ ખરાબ હવામાનને કારણે વિમાન વોશિંગ્ટનના એરપોર્ટ પર નહી પણ દૂર ઉતારવું પડ્યું તેથી એરપોર્ટ પરનો તેમનો સ્વાગત સમારોહ કેન્સલ કરવો પડ્યો. હેલીકોપ્ટરમાં તેઓ તે સમયના રાષ્ટ્રપતિ જહોન એફ કેનેડીને મળ્યા. કેનેડીએ જે અવવ્યવસ્થા સર્જાઇ તેને લીધે માફી માંગી પણ બાદમાં ડૉ રાધાકૃષ્ણને જે જવાબ આપ્યો તે સૌએ યાદ રાખવા જેવો છે તેમણે જણાવ્યું કે, **નેવર માઇન્ડ પ્રેસીડેન્ટ, ઇફ વી કેન નોટ ચેન્જ ઇવેન્ટસ, વી કેન સર્ટનલી ચેન્જ અવર એટીટ્યુડ ટોવાડર્સ ધેમ,** સરળ ભાષામાં સમજીએ તો તેઓએ કહ્યું કે રાષ્ટ્રપતિ મહોદય ચિંતા ન કરો જો આપણે ઘટનાઓને બદલી ન શકીએ તો તેના તરફનો આપણો દૃષ્ટિકોણ અવશ્ય બદલી શકીએ.

ભય :- ચિંતાનું બીજું કારણ છે ભય મનોચિકિત્સક ડૉ ગોવર મુજબ ભય જ ચિંતાનું મૂળ કારણ છે. મનુષ્ય જાણે અજાણ્યે વાસ્તવિક કે કાલ્પનિક ભયથી પીડાતો હોય છે ભય શંકાને જન્મ આપે છે અને શંકા ચિંતાને જન્મ આપે છે સમાજને પ્રત્યેક વર્ગ અથવા પ્રત્યેક ઉભરતી વ્યકિતને કોઇને કોઇ ચિંતા તો હોય છે. વિદ્યાર્થીને ચિંતા હોય છે પરીક્ષા અને પરિણામોની મા-બાપને પોતાના પુત્ર કે પુત્રીના નોકરી કે વિવાહની ચિંતા હોય છે. ગરીબને ખોરાકની ચિંતા છે. તો પૈસાવાળાને પોતાના બે નંબરના પૈસાની ચિંતા છે. વિપક્ષને સરકારની પ્રસિદ્ધિની ચિંતા છે. તો સરકારને વિપક્ષના પેંતરાની ચિંતા છે. આમ આપણે સૌ કોઇને કોઇ તકલીફ, ભયમાં રાચતા જ હોઇએ છીએ અને આવો ભય જ વધુ નુકસાન પહોંચાડતો હોય છે. કદાચ કોઇ ઘટના બને તો તેના પરિણામો વિશે ચિંતા કર્યા કરતા હોય છે સાથે સાથે આ વ્યકિતને પણ હાવી કર્યા કરતાં હોય છે. આવી ચિંતાઓ વ્યકિતને ખૂબ પ્રભાવિત કરતી હોય છે અને તેના કારણે તેની કામ કરવાની શકિત ઓછી થઇ જાય છે અને પરિસ્થિતિ તેના પર હાવી થઇ જતી હોય છે. આમ આ પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો સમજમાં આવે કે ચિંતા કોઇ પણ સમસ્યાઓનો ઉકેલ નથી. જો તમારે કામોની ચિંતા હોય તો કામોની ચિંતા કર્યા વગર તે કામો કરવા માંડો તો ચિંતા ઓટોમેટિક ઓછી થઇ જશે.


realpatidar.com
નિમંત્રણ
ત્રિવિધ મહોત્સવ
શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
શ્રી હનુમાનજી મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
તેમજ
હિરક મહોત્સવ
ધનપુરાકંપા
૭૫
ધનપુરાકંપા હિરક મહોત્સવ
૧૯૩૬-૨૦૧૧
પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
તા. : ૨૮.૦૨. થી ૦૨.૦૩.૧૧
નિમંત્રક
ધનપુરાકંપાના સર્વે ગ્રામજનો
મુ.ધનપુરાકંપા, તા. બાયડ, જી. સાબરકાંઠા (ગુજરાત) ૩૮૩૨૬૦.
:: સંપર્ક સેતુ ::
નવનીતભાઈ આર. છાભૈયા
મો. ૯૪૨૯૭૨૮૮૭૯
નટવરભાઈ ટી. છાભૈયા
મો. ૯૪૨૭૩૭૦૧૮૦
હિતેષભાઈ એ. ચૌહાણ
મો. ૯૪૨૭૪૮૦૯૦૪
પ્રવિણભાઈ વી. ચૌહાણ
મો. ૯૪૨૭૫
realpatidar.com



PATIDAR BANDHU : PATAN - Printed, Published and Owned by Brijeshkumar Chandubhai Patel and Printed at Vinod Printery, C/o. Maha Gujarat Weekly, Nr. Three Gate, Patan and Published at Patidar Bandhu, C/o. Shri Ganapati Saw Mill, Verai Chakala, Patan - 384265, Gujarat.
Editor : Brijeshkumar Chandubhai Patel • RNI No. GujGuj /2010/32748